# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

### પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**વિભાગ : ૧ : બ્રહ્મવિદ્યાનું દર્શન પ્રથમ આવૃત્તિ જુલાઈ-૨૦૦૮ના આધારે**

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૪ (૨) ૨. ૧, ૨ (૬૫) ૩. ૧, ૪ (૨૬)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. શ્રીસ્વામિનારાયણ દર્શનમાં કયા પાંચ તત્ત્વો નિત્ય છે ? (૬)

જ. શ્રીસ્વામિનારાયણ દર્શનમાં પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ અને માયા આ પાંચ તત્ત્વો નિત્ય છે.

૨. પરબ્રહ્મ કેમ એક અને અદ્વિતીય છે ? (૧૪)

જ. પરબ્રહ્મ એક અને અદ્વિતીય છે કારણ કે સ્વરૂપ અને ગુણથી સંપૂર્ણપણે પરબ્રહ્મ જેવા થવાને કોઈ સમર્થ નથી.

૩. શ્રીજીમહારાજના સમાધિ પ્રકરણની નોંધ કયા ગ્રંથોમાં લેવામાં આવી છે ? (કોઇ પણ બે) (૬૨)

જ. શ્રીજીમહારાજના સમાધિ પ્રકરણની નોંધ સત્સંગિજીવન, હરિલીલાકલ્પતરુ, ભક્તચિંતામણિ, હરિચરિત્રામૃતસાગર, હરિલીલામૃત તથા પુરુષોત્તમચરિત્ર ગ્રંથોમાં લેવામાં આવી છે.

૪. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં પોતાની મૂર્તિ કયાં અને કયા નામે પધરાવી છે ? (૬૭)

જ. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં પોતાની મૂર્તિ વરતાલમાં 'હરિકૃષ્ણ મહારાજ'ને નામે પધરાવી છે.

૫. જીવનમુક્તિ એટલે શું ? (૧૫૩)

જ. જીવનમુક્તિ એટલે દેહ છતાં જ મુક્તિનો અર્થાત્ દુઃખના આત્યંતિક અભાવનો અને બ્રહ્મરૂપે પરમાત્માના સાક્ષાત્કાર તથા દિવ્યાનંદનો અનુભવ.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. 'ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે.' (૧૧)

જ. પરબ્રહ્મના સ્વરૂપને સમજવાની અનિવાર્યતા.

૨. 'જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે.' (૧૧૦)

જ. અક્ષરબ્રહ્મ : ધામરૂપે

૩. 'અજ્ઞાને કરીને જીવ ઇન્દ્રિયો-અંતઃકરણને પોતાનું રૂપ માને છે, પણ વસ્તુગત્યે જીવ ઇન્દ્રિયો-અંતઃકરણ થકી નોખો છે.' (૧૩૪)

જ. જીવ : દેહ-ઇન્દ્રિય-અંતઃકરણાદિકથી ભિન્ન તત્ત્વ

૪. ''પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું.'' (૫૦)

જ. અવતાર-અવતારી વચ્ચે ભેદ

૫. ''મારા જનને અંતકાળે જરૂર તેડવા આવવું.'' (૭૦)

જ. આશ્રિતોને આત્યંતિક કલ્યાણનો કોલ.

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. પરબ્રહ્મ સાકાર કેવી રીતે ? (૩૦)

જ. (૧) અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે પણ પરબ્રહ્મ સાકાર (૨) પરબ્રહ્મનું વ્યતિરેક સાકાર સ્વરૂપ કેવું ? (૩) પરબ્રહ્મનું અંતર્યામી સ્વરૂપ પણ સાકાર-મૂર્તિમાન જેવું.

૨. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ (૧૦૭)

જ. (૧) અક્ષરબ્રહ્મનું અન્વય-વ્યતિરેક સ્વરૂપ (૨) અક્ષરબ્રહ્મનું સગુણ-નિર્ગુણ સ્વરૂપ (૩) અક્ષરબ્રહ્મનું સાકાર-નિરાકાર સ્વરૂપ.

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. પ્રગટની પ્રાપ્તિ-પ્રતીતિ-ભક્તિથી લાભ (૭૮) અથવા**

જ. પ્રત્યક્ષ ભગવાનનું જ્ઞાન એ જ ખરું જ્ઞાન છે. (લો.૭, પં.૭) પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ એ જ ખરી ભક્તિ છે. (વચ.ગ.પ્ર.૨૭) પ્રત્યક્ષ ભગવાનનાં ચરિત્રોનાં શ્રવણ, વાંચન ને ચિંતનથી જ આધ્યાત્મિક પુષ્ટિ થાય. (વચ.ગ.મ ૫૮) વાસનાની નિવૃત્તિ થાય (વચ.ગ.પ્ર. ૩૮) શાંતિ થાય (ગ.મ. ૩૫) અને મુક્તિ થાય (ગ.પ્ર.૩, ગ.મ.૩૫) પ્રત્યક્ષ ભગવાનને વિષે દિવ્યભાવ રાખવાથી જ માયાની નિવૃત્તિ થાય. (પં. ૭) નિર્દોષ થવાય (ગ.પ્ર. ૨૪) પ્રત્યક્ષ ભગવાનના સંબંધથી જ નિર્ગુણભાવને પમાય. (ગ.મ.૮, ૧૩) પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના યથાર્થ માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયથી જ કૃતાર્થતા અને પૂર્ણકામપણાની પ્રતીતિ-અનુભૂતિ થાય. (વચ.ગ.પ્ર.૭૨, લો.૨, મ.૧૩) પ્રત્યક્ષ ભગવાનથી જ આત્યંતિક કલ્યાણ થાય છે. (વચ.કા.૭, મ.૩૨) જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક...... માર્ગ થકી પડે નહિ. (મ. ૨૧) ગ.મ. ૩૨ - વળી જીવનું જે કલ્યાણ થાય ....... અક્ષરધામ તેને પામે છે. આત્યંતિક મોક્ષ થાય તે જ ....... ભગવાન જેવા સમર્થ છે. (સ્વા.વા. ૫/૫) પ્રગટ ભગવાનને ....... આલંબન દીધું છે. (સ્વા. વા.૫/૮૬) સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પ્રગટની વાત કરતાં કહે છે જેમ પ્રકટ રવિ હોય જ્યારે...... તિયાં જનનું સહેજે કલ્યાણ રે. (ભક્તચિંતામણિ-૧૬૪) મળે પ્રભુ પ્રગટ પ્રમાણે રે.... કલ્યાણ ન થાયે રે (કલ્યાણનિર્ણય -૨)

**૨. રાજીપાનું સાધન, કલ્યાણકારી ગુણ આવ્યાનું અને સ્નેહનું કારણ. (૨૦-૨૧)**

જ. **રાજીપાનું સાધન :** ભગવાન રાજી થાય તો જ આ જીવને જન્મ-મરણનું બંધન છૂટી શકે તેમ છે, આત્યંતિક મુક્તિ અને શાશ્વત સુખ મળી શકે તેમ છે. તેથી ભક્તો ભગવાનને રાજી કરવા માટે અનેક પ્રકારના ઉપાયો કરતા હોય છે. કોઈક ભગવાનને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજે છે, તો કોઈક અનેક પ્રકારનાં વસ્ત્રાલંકાર અને ભાતભાતનાં ભોજન ભગવાનને ધરાવે છે, કોઈ જપ અને તીર્થ કરે છે તો કોઈ દાન અને યજ્ઞ કરે છે, પણ મહારાજના મતે તો ભગવાનને રાજી કરવાનો શ્રેષ્ઠતમ ઉપાય તેમને સાકારરૂપે સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. 'ભગવાન શે પ્રકારે રાજી થાય છે ?' એવો એક પ્રશ્ન ગામ બૂવાના પટેલ કાનદાસજી **વચ.વ. ૨**માં પૂછે છે. મહારાજ તેનો ઉત્તર આપતાં કહે છે, ''જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય, ત્યારે કહેશો જે, દ્રોહ તે શું ? તો જે આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે તેને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના કર્તાહર્તા કાળને જાણીએ અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ એ તે ભગવાનનો દ્રોહ છે. કેમ જે, ભગવાન સર્વના કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ, અને માયા તેને જગતનાં કર્તાહર્તા કહે છે; માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે... માટે ભગવાનને જગતના કર્તાહર્તા જાણે અને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે.

**કલ્યાણકારી ગુણ આવ્યાનું :** ભગવાનના કલ્યાણકારી ગુણો મુમુક્ષુઓમાં કેવી રીતે આવે તે સમજાવતાં શ્રીજીમહારાજ **વચ.પ્ર.૬૨**માં કહે છે, ''એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે, એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. તે નિશ્ચય કેવો હોય? તો જે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે

અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે અને એવી રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહિ, તે ગમે તેવાં તરેતરેનાં શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે અને ગમે તેવા પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ. એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય..... ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને સંબંધ થાય છે તેને વિશે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે.'' ભગવાનને વિશે કર્તાપણાની આવી શુદ્ધ સમજણથી ભક્ત કેવું સામર્થ્ય અને કેવી અદ્‌ભૂત સ્થિતિ પ્રાપ્ત કરે છે!

**સ્નેહનું કારણ** : શ્રીજીમહારાજ **પ્ર.૫૬, સા.૧૫, મ. ૯** વગેરે વચનામૃતોમાં સમજાવે છે કે ગોપીઓના જેવો ભગવાનને વિશે અસાધારણ સ્નેહ હોય તો બીજું કંઈ કરવાનું રહેતું નથી. ભગવાનને વિશે આવો અસાધારણ પ્રેમ થવાનું કારણ સમજાવતાં મહારાજ **વચ.પ્ર.૫૯** માં કહે છે, ''એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, 'આ મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે', તથા આસ્તિકપણું હોય, તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, ''આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વીપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે' અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીસ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે. એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિશે નિશ્ચય તે જ પરમેશ્વરને વિશે અસાધારણ સ્નેહનું કારણ છે.''

૩. **અક્ષરરૂપ-બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા (૯૯) અથવા**

૪. **(૧) ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની સિદ્ધિ માટે** : શ્રીજીમહારાજે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરવાનું કહ્યું છે, કારણ કે એ નિર્વિકલ્પ નિશ્ચયથી જ પુરુષોત્તમ નારાયણના સર્વોત્કૃષ્ટ સ્વરૂપની પ્રતીતિ અને અનુભૂતિ થાય છે. આ સંપ્રદાયના સર્વે આશ્રિતો નિત્ય સાયં પ્રાર્થનામાં ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની યાચના કરે છે. निर्विकल्प 'उत्तम अति निश्चय तव घनश्याम' તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત શ્રીજીમહારાજ વચ.લો.૧૨માં સમજાવતાં કહે છે, ''અષ્ટાવરણેયુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'' અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી તે જ શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ! તેથી આપણે સૌ સાયં પ્રાર્થનામાં જે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની દૃઢતા થાય એવું શ્રીજીમહારાજ પાસે માગીએ છીએ, તેની સિદ્ધિ માટે તો મહારાજનાં વચનો પ્રમાણે અક્ષરરૂપ થવું અનિવાર્ય છે. **(૨) પરબ્રહ્મની પરાભક્તિના અધિકારી થવા માટે :** આપણે સૌ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની નવધા ભક્તિ તો કરીએ છીએ, પરંતુ એ સાધન ભક્તિ છે. સત્પુરુષની આજ્ઞા પ્રમાણે આ ભક્તિ કરવી એ બ્રહ્મરૂપ થવાનું સાધન છે. બ્રહ્મરૂપ થયા પછી જે ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તે સાધ્ય ભક્તિ કે પરાભક્તિ છે. તેથી પરબ્રહ્મની જે યથાર્થ પરાભક્તિ છે તે કરવા માટે, અર્થાત્ તેવી ભક્તિ આપણે કરી શકીએ તેવા યોગ્ય પાત્ર થવા માટે તો બ્રહ્મરૂપ થવાની અત્યંત આવશ્યકતા છે, શ્રીજીમહારાજ વચ.લો. ૭ માં આ સત્ય સિદ્ધાંત સમજાવતાં કહે છે, ''જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'' મહારાજ પોતાના આ મતની પુષ્ટિ માટે આ વચનામૃતમાં શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહેલો શ્લોક પણ ટાંકે છે; **'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥** અર્થ : જે બ્રહ્મરૂપ થયો છે, જે પ્રસન્ન મન(ચિત્ત)વાળો છે, જે કોઈનોય શોક કરતો નથી કે કોઈ પદાર્થની ઈચ્છા રાખતો નથી, અને જે સર્વ ભૂતપ્રાણી-માત્રમાં સમદૃષ્ટિવાળો છે, તે પુરુષ મારે વિશે પરાભક્તિને પામે છે. (ગીતા ૧૮/૫૪) **(૩) નિર્વિઘ્ન ભક્તિ માટે :** ભગવાનની ભક્તિ કરનાર ભક્તની સાધના-ભક્તિમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવવાની શક્યતા રહે છે. વિઘ્નો આવવાનાં મુખ્ય કારણો તો કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, મત્સર, અસૂયા, ઈર્ષ્યા, રાગદ્વેષ, અહંમમત્વ, પંચવિષયમાં આસક્તિ-વાસના વગેરે દોષો છે. આવા દોષોને લીધે પંચવિષયમાં લેવાઈ જવાય છે તથા ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ આવવાથી તેમનો સંબંધ તૂટી જાય છે, અર્થાત્ તેમનાથી વિમુખ થઈ જવાય છે. ભક્તિમાં આવતાં આવાં વિઘ્નો માટે કારણભૂત સર્વે દોષોનું મૂળ કારણ સમજાવતાં મહારાજ વચ.લો. ૬માં જણાવે છે, ''જો દેહાભિમાનરૂપ દોષ છે, તો તેમાં સર્વે દોષ રહ્યા છે.'' અને આ દેહાભિમાન છે તે જ માયા છે તે જણાવતાં મહારાજ વચ.અં.૩૯માં કહે છે, ''દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે.'' તેથી જ તો તેઓ વચ.પ્ર.૪૪માં કહે છે, ''જ્યાં

સુધી દેહને પોતાનું રૂપ માને છે, ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે.'' દેહભાવથી યુક્ત ભક્તિ કરવાથી ભક્તને પોતાની સાધનામાં કેવાં વિઘ્નો આવે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : **પ્ર. ૨૩** 'એવી રીતની સ્થિતિ (આત્મનિષ્ઠા) જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તોપણ તેને માથે વિઘ્ન છે. અને જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું, અને ઇન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો આવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી સ્થિતિને ન પામ્યો હોય તો ભગવાનને વિશે પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય છે. જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નો'તો, તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે સંશય થયો અને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહિ.'' **અં. ૧** - ''જો આત્મનિષ્ઠા ન હોય તો જ્યારે દેહમાં સુખદુઃખ આવે ત્યારે એ ભક્તની વૃત્તિઓ ચૂંથાઈ જાય, પછી જેને સુખદાયી જાણે તેમાં પ્રીતિ કરે અને જેને દુઃખદાયી જાણે તે સાથે દ્વેષ કરે, એવી રીતે એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.'' **અં. ૨૧** - ''જે સત્તારૂપ રહી નહિ શકે તેને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે શત્રુ તે પીડ્યા વિના રહે જ નહિ. માટે જે આત્મસત્તારૂપ થઈને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ.'' દેહભાવથી રહિત આત્મભાવે બ્રહ્મભાવે ભક્તિ કરવામાં આવે તો કામાદિક દોષોને લીધે કોઈ પ્રકારનું વિઘ્ન આવતું નથી. તેથી આત્મનિષ્ઠા દૃઢ કરવાનું પ્રયોજન સમજાવતાં મહારાજ **વચ.મ.૩૫** માં કહે છે, ''અમે જે આત્મજ્ઞાનની વાર્તા કરીએ છીએ તેમાં તો એટલું જ પ્રયોજન છે જે, ''જો પોતાના આત્માને દેહથી જુદો માને તો દેહને વિશે પ્રીતિ ન રહે તથા દેહના સંબંધીને વિશે હેત ન રહે તથા ભગવાનની ભક્તિને વિશે કોઈ વિઘ્ન ન થાય એટલું જ પ્રયોજન છે.'' ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ, ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોંખા પડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે **'निजात्मानं ब्रह्मरूपं'** જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તોપણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.'' **(સ્વા.વા. ૧/૧૪૧)** ''બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે, તે અધિક છે ને તેમાં વિઘ્ન નથી. ને તે વિના તો સચ્ચિદાનંદ સ્વામી સમાધિવાળાને પણ દુઃખ આવતાં. માટે પ્રેમી ન થાવું ને જ્ઞાની થાવું.'' **(સ્વા.વા.૧/૨૨૮)** ''પોતાના સ્વરૂપને અક્ષર માનીને ઉપાસના કરે તેની પ્રીતિ દેશ, કાળ, કર્મ, ક્રિયા કોઈથી ટળે નહિ ને એ કોઈની મોટાઈમાં લેવાય નહિ.'' **(૪) આત્યંતિક મુક્તિ માટે :** ભગવાન સ્વામિનારાયણે મુક્તિની વ્યવસ્થામાં બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા સમજાવેલી છે. તેઓ મુક્તિની વ્યાખ્યા સમજાવતાં શિક્ષાપત્રીમાં કહે છે 'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् । ''અર્થ : ત્યાં (અક્ષરધામમાં) બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મની સેવા કરવી તેને મુક્તિ જાણવી.'' (શિક્ષાપત્રીઃ૧૨૧) વળી, મહારાજ વિદેહમુક્તિની આ પ્રકારની સ્થિતિ જણાવતાં **વચ.પ્ર. ૨૧**માં કહે છે, ''એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.... અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામો રહે છે.'' અક્ષરરૂપની આ સ્થિતિ કેવળ વિદેહમુક્તિમાં જ આવશ્યક છે એવું નથી, પરંતુ જીવન્મુક્તિમાં પણ આવશ્યક છે. મહારાજે જીવન્મુક્તિની સ્થિતિનું વર્ણન નીચેનાં વચનામૃતોમાં કર્યું છે. **પ્ર. ૫૬** - ''જ્ઞાની છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે અને ભગવાનનો મહિમા યથાર્થ જાણે છે, માટે એને ભગવાનના સ્વરૂપ વિના બીજી કોઈ કામના રહેતી નથી.'' **સા. ૧૨** - ''એવો જે પરિપકવ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે, ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે.'' **મ. ૬૨** - ''એ વિચાર છે, તે જ્યારે આ જીવ સંગાથે મળે છે ત્યારે તે જીવના હૃદયને વિશે પ્રકાશ થાય છે અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે.'' આમ, ઉપરોક્ત બધા સંદર્ભોમાં શ્રીજીમહારાજ સ્પષ્ટપણે જણાવે છે કે ભગવાનનો ભક્ત જીવન્મુક્તિની સ્થિતિમાં પણ અક્ષરરૂપ યા બ્રહ્મરૂપ હોય છે. આ રીતે વિદેહમુક્તિ કે જીવન્મુક્તિમાં અક્ષરરૂપની સ્થિતિ અનિવાર્ય છે. જ્યાં સુધી ભક્ત પોતાની આ પ્રકારની સ્થિતિ પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી તેની આત્યંતિક મુક્તિ થતી નથી એ શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે. તેથી જ તો મહારાજ વચ.લો.૭ માં કહે છે, ''માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.''

૪. **માયાનું સ્વરૂપ અને તેના ગુણધર્મો (૧૪૦થી૧૪૨)** શ્રીસ્વામિનારાયણ દર્શનનાં પાંચ અનાદિ તત્ત્વોમાં

પાંચમું અનાદિ તત્ત્વ માયા છે. તેનાથી વિસ્મયકારી અને વિચિત્ર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેથી તેને માયા, મૂળમાયા કે મહામાયા કહેવામાં આવે છે અને તે જ્ઞાનની વિરોધી હોવાથી તેને અવિદ્યા કહેવામાં આવે છે. પ્રધાનાદિક સર્વે જડ તત્ત્વોનું મૂળ કારણ હોવાથી તેને પ્રકૃતિ કે મૂળપ્રકૃતિ પણ કહેવામાં આવે છે. આ રીતે માયા, મૂળમાયા, મહામાયા, અવિદ્યા, પ્રકૃતિ કે મૂળ પ્રકૃતિ જેવા પર્યાયવાચી શબ્દોથી એક જ તત્ત્વનો નિર્દેશ થાય છે. ભગવાન સ્વામિનારાયણ આ માયા(પ્રકૃતિ)નાં લક્ષણો સમજાવતાં વચ.પ્ર. ૧૨માં કહે છે, ''તે જે પ્રકૃતિ છે તે ત્રિગુણાત્મક છે ને જડચિદાત્મક છે ને નિત્ય છે ને નિર્વિશેષ છે અને મહદાદિક સમગ્ર તત્ત્વ અને જીવમાત્ર તેનું ક્ષેત્ર છે અને ભગવાનની શક્તિ છે.'' હવે આપણે પ્રકૃતિનાં આ લક્ષણો તથા અન્ય કેટલાક ગુણધર્મોને સમજવાનો પ્રયત્ન કરીશું. **ત્રિગુણાત્મક** : મૂળકારણરૂપ કે કાર્યરૂપ માયામાં સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણ અપૃથક્સિદ્ધ સંબંધથી રહેલા છે. તેથી માયા ત્રિગુણાત્મક છે. **જડચિદાત્મક** : મૂળમાયા સ્વરૂપતઃ તો જડ જ છે, પરંતુ મૂળમાયામાં ચૈતન્ય ધર્મવાળા અનંત જીવો અને ઈશ્વરો લીનાવસ્થામાં રહેલા હોવાથી તેને જડચિદાત્મક કહેલા છે. **નિત્ય** : મૂળમાયા કે પ્રકૃતિ અનાદિ અને અનંત હોવાથી તેની ક્યારેય ઉત્પત્તિ થઈ નથી, કે ક્યારેય તેનો આત્યંતિક નાશ થવાનો નથી. તેથી તે નિત્ય અને સનાતન તત્ત્વ છે. મૂળમાયા નિત્ય હોવા છતાં તે પરિવર્તનશીલ કે પરિણામશીલ જરૂર છે. અર્થાત્ આ તત્ત્વ જીવ, ઈશ્વર, બ્રહ્મ કે પરબ્રહ્મ જેવું કૂટસ્થ નિત્ય તત્ત્વ (અર્થ) નથી, કે જેમાં કોઈ પ્રકારનું સ્વરૂપતઃ પરિવર્તન જ ન થાય. આ તત્ત્વ પરિણામી નિત્ય (અર્થ) તત્ત્વ છે, તેથી પરિવર્તન શક્ય છે. આ રીતે પ્રકૃતિના સ્વરૂપમાં પરિવર્તન કે પરિણમન થતું હોવા છતાં તેનો આત્યંતિક ઉચ્છેદ કે નાશ ક્યારેય થતો નથી. આ મૂળમાયા કે મૂળપ્રકૃતિ નિત્ય છે, પરંતુ મહદાદિક વિકારો (અર્થ) તો અનિત્ય છે. ઉત્પત્તિ કાળે તેની ઉત્પત્તિ થાય છે. પ્રલય કાળે તેનો નાશ થાય છે. **નિર્વિશેષ :** માયાના મૂળ સ્વરૂપમાં પૃથિવ્યાદિક વિશેષો ન હોવાથી તેને નિર્વિશેષ કહી છે. તે અવ્યક્ત અને સૂક્ષ્મરૂપ છે. માયાની આ અવસ્થામાં પોત-પોતાના કારણ દેહથી યુક્ત એવા અનંત જીવો અને ઈશ્વરો લીનતાને પામીને અવ્યક્ત રૂપે રહેલા હોય છે. ક્ષેત્રરૂપ : પ્રધાન નામની અસંખ્ય નિમ્નપ્રકૃતિઓ તથા તે દ્વારા ઉત્પન્ન થતાં મહત્તત્ત્વાદિક સમગ્ર તત્ત્વોનું મૂળ કારણ આ મૂળમાયા છે. તેથી જ તેને આ સર્વે તત્ત્વોનું ક્ષેત્ર કહે છે. જીવો તથા ઈશ્વરો પણ આ પ્રકૃતિરૂપ ક્ષેત્રમાં અવ્યક્તબીજ રૂપે રહ્યા છે. તેઓ સૃષ્ટિ કાળે અભિવ્યક્ત થાય છે. (વચ.અં. ૧૦) અર્થાત્ તેમને વિભિન્ન પ્રકારના દેહ પ્રાપ્ત થાય છે. જીવો-ઈશ્વરોના ચોવીસ તત્ત્વાત્મક દેહોની ઉત્પત્તિનું મૂળ ક્ષેત્ર આ મૂળમાયા (પ્રકૃતિ) જ છે. **ભગવાનની શક્તિ :** માયાને ભગવાનની જે શક્તિ કહી છે તે તો જગતના સર્જનાદિક કાર્યમાં સહાયરૂપ ઉપયોગી સાધનના અર્થમાં કહી છે. આ જ અર્થમાં માયા(પ્રકૃતિ)ની સાથે સાથે અક્ષરમુક્તને પણ ભગવાનની શક્તિ રૂપે કહેલા છે (વચ.પ્ર. ૧૩), કે જે જગતની ઉત્પત્તિ વગેરે કાર્યમાં કારણ રૂપે સહાયક બને છે. વિસ્મયકારિણી : માયમાં આર્કષણ, મોહ, આસક્તિ અને બંધન કરવું વગેરે ગુણો હોવાથી તેને વિસ્મયકારિણી કહી છે. વળી, મૂળપ્રકૃતિ પોતાના ગર્ભમાંથી અસંખ્યાત પ્રધાનપ્રકૃતિઓ, અનંત બ્રહ્માંડો, અનંત પ્રકારનાં આશ્ચર્યો, ભ્રમ, મોહ અને આર્કષણ પમાડે તેવા ભોગ-વિલાસો ઉત્પન્ન કરતી હોવાથી માયાની પ્રવૃત્તિને ઈન્દ્રજાળ જેવી, કરામતકારી, વિસ્મયકારિણી કહી છે. **તમો (અંધકારરૂપ) :** માયાનું એક લક્ષણ અંધકારરૂપ છે. માયાના અંધકાર-રૂપ આવરણને લીધે જ જીવ-ઈશ્વરોને પોતાના સ્વરૂપનું કે બ્રહ્મ-પરબ્રહ્મના પરોક્ષ યા પ્રત્યક્ષ સ્વરૂપનું પણ યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી. વાસ્તવમાં તો જીવો અને ઈશ્વરોનાં સ્વરૂપ સત, ચિત, આનંદરૂપ છે, પણ તેમના આ જ્ઞાનાનંદાદિ સ્વાભાવિક ધર્મોને મૂળપ્રકૃતિરૂપ માયાએ અનાદિથી આવૃત્ત કર્યા છે. આમ, માયાનો જ્ઞાનવિરોધી સ્વભાવ હોવાને લીધે જ તેને અજ્ઞાન અથવા તો અવિદ્યા પણ કહે છે. અંધકારરૂપ આ અવિદ્યા કે અજ્ઞાન, કારણ દેહ રૂપે અને અવ્યાકૃત શરીરરૂપે અનુક્રમે જીવો અને ઈશ્વરો સાથે અનાદિ કાળથી જ વળગેલો છે. જીવ-ઈશ્વરોનાં બંધન, દુઃખ, અને સંસૃતિનું મૂળભૂત કારણ જ તમોરૂપ આ અજ્ઞાન, અવિદ્યા કે માયા છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૦)**

**૧. શ્રીજીમહારાજે સ્વસ્વરૂપ વિશે કરેલી વિભિન્ન વાતોનું રહસ્ય (૭૧)**

જ. **સ્વસ્વરૂપ વિશે વિભિન્ન વાતો :** મહારાજે સમગ્ર વચનામૃતમાં પોતાના સ્વરૂપ વિશે અનેક પ્રકારની જુદી જુદી વાતો કરી છે. ક્યારેક પોતે સાધક છે એમ કહ્યું; તો ક્યારેક પોતે સાધુ છે, એકાંતિક ભક્ત છે એમ કહ્યું. ક્યારેક પોતે આચાર્ય, ગુરુ કે ઉપદેષ્ટા છે એમ કહ્યું; તો ક્યારેક પોતે ઈષ્ટદેવ છે એમ જણાવ્યું. કોઈક વખત પોતે શ્રીનર-નારાયણના આશ્રિત છે એમ કહ્યું; તો ક્યારેક પોતે જ શ્રી નરનારાયણ છે એમ કહ્યું. ક્યારેક પોતે

શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક છે એમ સમજાવ્યું; તો ક્યારેક પોતે જ શ્રીકૃષ્ણ ભગવાન છે એમ કહ્યું, ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાન, ક્યારેક નરનારાયણ તો ક્યારેક પોતે જ સૌના ઈષ્ટદેવ છે એમ જણાવે છે. ક્યારેક શ્રીનરનારાયણને સર્વાવતારના અવતારી કહ્યા; ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનને, તો ક્યારેક વળી પોતાને જ સર્વાવતારી તરીકે નિર્દેશે છે. ક્યારેક નરનારાયણને, ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનને, તો વળી ક્યારેક પોતાને જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે ઓળખાવે છે. અક્ષરધામના અધિપતિ તરીકે ક્યાંક શ્રીકૃષ્ણ ભગવાનને, ક્યાંક નરનારાયણને, તો વળી ક્યાંક પોતાને નિર્દેશે છે. ક્યાંક શ્રીકૃષ્ણ ભગવાનને સર્વોપરી કહે છે, તો ક્યાંક પોતે જ સર્વોપરી છે એવું ભારપૂર્વક જણાવે છે. આ પ્રમાણે સમગ્ર વચનામૃતના અભ્યાસ પરથી જણાય છે કે મહારાજે પોતાના સ્વરૂપ વિશે અનેક પ્રકારની જુદી જુદી વાતો કરી છે. આ રીતે વચનામૃત સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં મહારાજના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો વાંચતા કે સાંભળતાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવી શકે છે. જેમ કે, શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી ભગવાન હોવા છતાં, તથા તેઓ પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સૌને દૃઢ કરાવીને પોતાના સર્વોપરી અક્ષરધામમાં લઈ જવા માટે આ લોકમાં પધાર્યા હોવા છતાં, તેમણે પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો કેમ કરી છે ? તેમણે પોતાના સ્વરૂપ વિશે સર્વત્ર અને સર્વદા સમાનપણે સર્વોપરીપણાની વાતો શા માટે ન કરી ? વળી, મહારાજે ફક્ત પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો જ નથી કરી, પરંતુ પોતે બાંધેલાં બધાં જ મંદિરોમાં મુખ્યપણે જુદા જુદા દેવો પણ પધરાવ્યા છે જેમ કે, અમદાવાદ, ભુજ - નરનારાયણ દેવ, વરતાલ - શ્રીલક્ષ્મીનારાયણ દેવ, ધોલેરા - શ્રીમદનમોહન દેવ - જૂનાગઢ - શ્રીરાધારમણદેવ, શ્રીરણછોડત્રિકમજી, શ્રીસિદ્ધેશ્વર મહાદેવ, ગઢડા - શ્રીગોપીનાથ દેવ, શ્રીસૂર્યનારાયણ દેવ. આ બાબતે પણ પ્રશ્ન થાય કે મહારાજે બધાં જ મંદિરોના મધ્ય ખંડમાં પોતાની જ મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાને બદલે જુદા જુદા દેવોની મૂર્તિ શા માટે પધરાવી ? આપણે જાણીએ છીએ કે મહારાજે તો રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ચૌદમાને દિવસે જ ‘રાધાકૃષ્ણ’ને સ્થાને ‘સ્વામિનારાયણ’નું ભજન શરૂ કરાવ્યું. ભજન સ્વામિનારાયણનું અને પ્રત્યેક મંદિરમાં મૂર્તિઓ જુદી જુદી ? કોઈએ, ક્યારેય અને ક્યાંય પણ સીતારામની મૂર્તિ પધરાવીને રાધાકૃષ્ણ અને રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવીને સીતારામનું ભજન કરાવ્યું છે ? તો પછી મહારાજે આમ શા માટે કર્યું ? મહારાજે જુદી જુદી વાતો કરીને જુદાં જુદાં સ્થાનોમાં જુદા જુદા શા માટે પધરાવ્યા હશે ? મહારાજે પોતાના સ્વરૂપ વિશે જે જુદી જુદી વાતો કરી છે કે જુદા જુદા દેવો પધરાવ્યા છે, તે માટે રહેલા રહસ્ય કે કારણને સમજવાં જરૂરી છે. એ માટે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં જીવન અને વચનો તથા સંપ્રદાયના ઈતિહાસનો અભ્યાસ અને વિચાર કરતાં નીચે જણાવેલાં કેટલાંક કારણો ગણાવી શકાય.

**પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થવો મહાકઠણ :** જ્યારે જ્યારે ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે ત્યારે એ જ વખતે એમનો યથાર્થ નિશ્ચય થવો મહાકઠણ છે. ભગવાન રામચંદ્રજીને કે ભગવાન શ્રીકૃષ્ણને એ વખતે યથાર્થ ઓળખનારા કેટલા ? ભાગવતમાં તો કહ્યું છે કે શ્રીકૃષ્ણને ઓળખી ન શકનારા યાદવો તો અતિશય અભાગિયા છે. (ભાગવત : ૩/૨૮) શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં પણ કહે છે કે મને યથાર્થ કોઈ ઓળખી શકતું નથી. (ગીતા : ૭/૨૬, ૯/૨૧, ૯/૨૪) તેથી જ તો શ્રીજીમહારાજ પણ વચ.લો. ૧૮માં કહે છે, ‘‘ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતાં બીક લાગે છે જે, શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ? ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રુટી જાય, તો તે મૂળગેથી જાય; અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે છે. તે સારુ વાત કરીએ છીએ.’’ શ્રીજીમહારાજ ધર્મધુરા સંભાળ્યા પછી લગભગ ૧૯ વર્ષ બાદ આ વાત કરે છે. આટઆટલાં વર્ષો સુધી મહારાજનાં અસાધારણ અને દિવ્ય વ્યક્તિત્વ તથા અલૌકિક ઐશ્વર્યને નજરે જોનારા અને અનુભવ કરનારા સંતો-ભક્તોને પણ વાત કરતાં મહારાજને બીક લાગે છે. તેથી ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દૃઢતા થવી એ કઠણ બાબત છે, તેનો ખ્યાલ આવે છે. એમાંય પણ શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી છે એમ સમજવું એ તો લોખંડના ચણા ચાવવા જેવું કઠણ છે. શ્રીજીમહારાજને ભગવાન માનીને તો લાખો આશ્રિતો એમનું ભજન કરતા હતા, એમની આજ્ઞા પ્રમાણે તન-મન-ધન સમર્પણ કરતા હતા. તેમ છતાં એ સૌને મહારાજનું સર્વોપરીપણું સમજવું કઠણ પડતું હતું. એ હકીકત છે. કેટલાકને શાસ્ત્રની તંતીઓ નડતી હતી તો કેટલાકને લોકમર્યાદા આડી આવતી હતી. સંપ્રદાયનો ઈતિહાસ તપાસીએ તો

ખ્યાલ આવે છે કે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી જેવા પરમહંસોને પણ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજવું કઠણ પડ્યું છે. ઘણા સમય પછી એમને મહારાજનું યથાર્થ સ્વરૂપ ઓળખાયું હોય એમ લાગે છે. એટલે જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''એકથી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે, ને એક કેસરી સિંહ બોલે તો બધાયનાં અંતર ભેદાઈ જાય, ને હાથીના કુંભસ્થળ ફાટી જાય; તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ, પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે, ને ભજી-ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીના કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે.'' (સ્વા.વા.૫/૧૯૮) આમ, પ્રત્યક્ષપણે મનુષ્યરૂપે સૌના નયનગોચર વિચરતા ભગવાનના સર્વોપરીપણાનો નિશ્ચય થવો મહાકઠણ છે. પૂર્વેના બલિષ્ઠ સંસ્કારો, યોગ્ય પાત્રતા અને ગુણાતીત સત્પુરુષના પ્રસંગ વગર સર્વોપરીપણાની વાતો ઝીલી શકાય તેમ નથી અને ઝીલીને પચાવી શકાય તેમ નથી.

**વિભિન્ન પ્રકારના શ્રોતાઓ :** શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ વિષયક જ્યારે જ્યારે વાતો કરી છે, ત્યારે ત્યારે શ્રોતાઓની વિભિન્ન પાત્રતાનો વિચાર રાખ્યો છે. પાત્રતા વિનાનું જ્ઞાન હંમેશા વિપરીત અસર કરે છે. 'કીડીને કણ અને હાથીને મણ', એમ પાત્રતા પ્રમાણે આહાર અપાય તો તેને સુખ આવે. કીડી ઉપર લાડુ મૂકે, તો કીડી ચગદાઈ જાય અને તેને લાડુના સ્વાદનું સુખ ન આવે; તેવી રીતે પરોક્ષ ઉપાસના-પ્રિય મુમુક્ષુઓને પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન તેના અધિકારી થતાં પહેલાં આપવામાં આવે, તો બુદ્ધિભેદ ઉત્પન્ન થતાં સંશયવાન થઈને ઉભયભ્રષ્ટ થાય છે. મુમુક્ષુની જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થતી જાય છે અને પ્રત્યક્ષ ભગવાન તથા તેમના સાક્ષાત્કારને પામેલા સત્પુરુષનું માહાત્મ્ય યથાર્થ સમજાતું જાય છે, તેમ તેમ તેની પાત્રતા વધતી જાય છે. જેમ જેમ તેની પાત્રતા વધતી જાય છે તેમ તેમ પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય પણ ક્રમશઃ વધતો જાય છે. તેથી જે મુમુક્ષુની જેવી સ્થિતિ અને પાત્રતા હોય તે પ્રમાણે મહારાજે વાતો કરી છે. શ્રીજીમહારાજે પ્રેમી-ભક્તોના ભાવો પૂરા કરીને તેમને સુખ આપવા માટે ગઢડાથી સારંગપુર, કારિયાણી, પંચાળા, લોયા, વરતાલ, અમદાવાદ, જેતલપુર, અશ્લાલી, વડોદરા, સુરત, જૂનાગઢ, કચ્છ-ભુજ વગેરે અનેક ગામડાંઓમાં કે શહેરોમાં અવારનવાર જતા. જ્યાં જ્યાં મહારાજ જતા, ત્યાં ત્યાં પોતાના આશ્રિત સંતો-ભક્તોની સાથે સાથે બીજા મુમુક્ષુઓ પણ મહારાજના દિવ્ય વ્યક્તિત્વથી આકર્ષાઈને તેમનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવતા. તેથી જુદા જુદા સમયે જુદા જુદા દેવો-અવતારોને વિશે શ્રદ્ધા ધરાવનારા મુમુક્ષુઓ સભામાં બેઠા હોય તે સ્વાભાવિક છે. તેથી જે તે વખતે જે તે મુમુક્ષુઓની પાત્રતા ધ્યાનમાં રાખીને, તેમને પચ પડે તે રીતે અને સૌને પ્રેરણા મળે તે રીતે મહારાજે સૌને મળતી આવે તેવી સર્વસામાન્ય વાતો કરી હોય તે સ્વાભાવિક છે. સૌ કોઈને અગમ્ય અધ્યાત્મસાધનાનો આદર્શ મળી રહે, સાધના કેવી રીતે કરવી જોઈએ તેની ઉચ્ચતમ પ્રેરણા સૌને મળી રહે, તે માટે ક્યારેક મહારાજે પોતે એક આદર્શ સાધક હોય એ રીતે પોતાની સાધનાની પણ વાતો કરી છે. આદર્શ એકાંતિક ભક્ત, આદર્શ સાધુ કે આદર્શ ઉપાસક કેવો હોય, તે સૌને સમજાવવા માટે પોતે જ એવા એક આદર્શ સાધુ, એકાંતિક ભક્ત કે ઉપાસક છે, એવી વાતો કરી છે. ક્યારેક મહારાજે પોતાની વાતોમાં અન્ય અવતારોના મહિમાની વાતો કરીને, જે તે અવતાર આજે 'પ્રત્યક્ષ પ્રમાણ છે', 'પ્રગટ પ્રમાણ છે', 'સૌના નયનગોચર છે', 'આ સભામાં વિરાજમાન છે', એવા શબ્દો વાપરીને પોતાના સ્વરૂપનો નિર્દેશ પણ સાથે સાથે કરી દીધો છે. જેથી જે તે અવતારના ઉપાસકોને એમ સમજાય કે આપણા ઈષ્ટદેવ જ આજે આ મહારાજ રૂપે પ્રગટ છે, એમ માનીને સૌને પોતાને વિશે હેત થયા પછી ધીરે ધીરે સાચી વાત સમજાશે, એવો કરુણાસભર વિશાળ દૃષ્ટિકોણ મહારાજે પોતાના ઉપદેશોમાં રાખ્યો છે. મહારાજે ક્યારેય કોઈ અવતારોનું કે એમના ભક્તોનું ખંડન કર્યું નથી, પરંતુ તેમનાં જીવન અને કાર્યોનો મહિમા પોતાના ઉપદેશોમાં વણી લીધો છે. તેથી જ પરોક્ષ-ભક્તોને પણ મહારાજને વિશે હેત થતું. તેઓ મહારાજની સમીપે અવાર-નવાર આવતા, અને અંતે તેમને ધીરે ધીરે મહારાજનો અસાધારણ પ્રતાપ અનુભવીને મહારાજના ભગવાનપણાનો નિશ્ચય પણ થતો. મહારાજની આવી કરુણાસભર વાતોને લીધે તેમની હયાતી દરમ્યાન લાખો મુમુક્ષુઓ તેમના આશ્રિત થયા. તેમને ભગવાન માનીને ભક્તિ-ઉપાસના કરતા થયા. એમ છતાં એ તો હકીકત છે કે એ જ વખતે સૌને મહારાજના સર્વોપરીપણાનો નિશ્ચય નહિ થયો હોય. શક્ય છે કે ધીમે ધીમે એવો સર્વોપરીપણાનો નિશ્ચય તો મહારાજની કે એકાંતિક સંતો-ભક્તોની વાતો સાંભળીને વર્ષો પછી, અંત વખતે અથવા તો જન્માંતરે પણ થયો હોય. એક વખત મહારાજને આશરે આવ્યા અને રહ્યા, તો અંતે તો એમની કૃપાથી આવો નિશ્ચય થયો હશે, પરંતુ

મહારાજે મુમુક્ષુઓની પાત્રતા અને તેમના અધિકારભેદ જોયા વગર સૌને પોતાના સર્વોપરીપણાની જ વાતો કરી હોત, તો કદાચ આવો સમાસ ન પણ થયો હોત. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં સમજાવે છે, ''જેમ છે તેમ ઓળખાવે તો સમાસ ન થાય, ઊલટો અસમાસ થાય, ને મહારાજે જમે છે તેમ વાતું કરી તેથી સૌ માણસ વર્તમાનમાંથી પડી ગયાં. પછી મહારાજે કેટલાંક વચનામૃત ખોટાં કરી નાંખ્યાં ને કહે જે, 'એકે વચનામૃત રાખવું નથી.' પછી નિત્યાનંદ સ્વામીએ પ્રાર્થના કરીને કહ્યું જે, 'ધર્મામૃતમાં તથા શાસ્ત્રમાં મળતું આવે એમ શોધીને લખશું.' ત્યારે આટલાં રહેવા દીધાં; માટે જેમ છે તેમ સમજાવે તો સમાસ ન થાય. માટે એમ સમજવું જે, મહારાજે કર્યું તે આપણું સારું થાય એમ કર્યું છે.'' (સ્વા.વા. : ૫/૨૩૭) આમ, જીવોની એકસમાન ઉત્કૃષ્ટ પાત્રતાને અભાવે પોતાના સર્વોપરી સ્વરૂપ વિશે સર્વત્ર અને સદૈવ એકસરખી સ્પષ્ટ વાતો ન કરવામાં પણ મહારાજના કરુણાથી છલકાતા હેતાળ હૈયામાં તો અનંત જીવોના કલ્યાણનો શુભ હેતુ જ હતો. શ્રીજીમહારાજની આ પ્રકારની કલ્યાણમયી ભાવનાને વ્યક્ત અને સ્પષ્ટ કરતા એક પ્રસંગની નોંધ સદ્. નિર્ગુણદાસ સ્વામીએ એમની વાતોમાં આ પ્રમાણે કરેલી છે : કોઈ સમયે ગઢપુરમાં અક્ષરઓરડીમાં મહારાજ પાસે આવીને બ્રહ્માનંદ સ્વામી મહારાજના ચરણારવિંદમાં મસ્તક મૂકીને રુદન કરવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા, ''સ્વામી ! કેમ રડો છો ?'' ત્યારે સ્વામી બોલ્યા કે સાક્ષાત્ અક્ષરધામના પતિ તમોને સંતાડીને ગાવા પડે છે તેનું અંતરમાં અમને બહુ દુઃખ થાય છે. મહારાજ બોલ્યા કે સ્વામી, આપણે તો અનેક જીવનાં કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ, તે જેમ સમાસ થાય અને અનેક જીવનાં કલ્યાણ થાય એમ ગાવું, અને જેમ છે તેમ યથાર્થ સમજવું. (વાત : ૩૭૩) આ પ્રસંગ પરથી આપણને ખ્યાલ આવે છે કે મહારાજે સૌના કલ્યાણ માટે જ, તેમને સમાસ થાય અને અવળું ન પડે તે માટે, જ્યાં જેવા સંજોગો, ત્યાં તેવા પ્રકારની વાતો કરેલી છે. વળી, આ પ્રસંગ પરથી એવું પણ જણાય છે કે કેટલાક પરમહંસો શ્રીજીમહારાજને સર્વોપરી સમજતા હતા, તેમ છતાં સૌને સમાસ થાય તે રીતે વાતો કરતા, તેમ જ તેમણે પોતાનાં કીર્તનો કે ગ્રંથોમાં પણ મહારાજના સ્વરૂપ વિશે વિભિન્ન પ્રકારની વાતો નોંધી છે. તેમ છતાં ઉપરોક્ત પ્રસંગમાં શ્રીજીમહારાજના કહેવા પ્રમાણે પોતાના આત્યંતિક કલ્યાણ માટે તો જેમ છે તેમ યથાર્થ સમજવું જરૂરી છે. એટલા માટે જ ભલે મહારાજે બહુધા તો સભામાં સર્વ-સામાન્ય સર્વને પચે એવી વાતો કરી હોય, તેમ છતાં સર્વોપરી વાતોને પચાવી શકે તેવા યોગ્ય આશ્રિતોને તો પ્રસંગોપાત્ત એકાંતમાં વ્યક્તિગત કે સમૂહમાં પોતાના સર્વોપરીપણાની સ્પષ્ટ વાતો અનેકાનેવાર અપરંપાર કરી છે. મહારાજે પોતાના સર્વોપરીપણા વિશે પ્રસંગોપાત્ત કરેલ આવી વાતો આપણને વચનામૃત ઉપરાંત સંપ્રદાયના અન્ય સુપ્રસિદ્ધ ગ્રંથોમાં પણ જોવા મળે છે.

**૨. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ : સાંપ્રદાયિક ગ્રંથોને આધારે (૧૧૩)**

જ. **શ્રીહરિલીલાકલ્પતરુ** : આદિ આચાર્ય રઘુવીરજી મહારાજને નામે બ્રહ્મચારી અચિંત્યાનંદવર્ણીએ આ ગ્રંથ લખ્યો છે. તેમાં ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તેવા સ્પષ્ટ ઉલ્લેખો છે. જેમ કે, આ ગ્રંથની શરૂઆતમાં અચિંત્યાનંદ બ્રહ્મચારી ગુણાતીતાનંદ સ્વામીની સ્તુતિ કરતાં લખે છે : यद्रोमविवरे लीना अण्डानां कोटयः पृथक्। तदक्षरं गुणातीतं गुणातीतं नमाम्यहम् ॥ અર્થઃ જેમનાં એક એક રોમછિદ્રમાં કરોડો બ્રહ્માંડો અલગ અલગ રહ્યાં છે ને સત્ત્વ, રજસ તથા તમસ એ ત્રણ ગુણોથી જે રહિત છે અર્થાત્ જે સદૈવ ત્રણ ગુણોથી પર છે, તે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને હું નિરંતર નમસ્કાર કરું છું. આ ગ્રંથના ૭મા સ્કંધના ૧૭ મા અધ્યાયમાં ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. શ્રીજીમહારાજે મૂળજી શર્માને ડભાણમાં સં. ૧૮૬૬ના પોષ સુદ પૂનમે મહાવિષ્ણુયાગ કરી ભાગવતી દીક્ષા આપી ત્યારે મહારાજે તેમનો જે મહિમા કહ્યો હતો, તે જણાવતાં અચિંત્યાનંદ બ્રહ્મચારી લખે છે : मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते । भूयान्मेऽत्र समानन्दो यतो धामाऽक्षरं स मे ॥ मुक्तैरनन्ते साकं मे यत्राऽखण्डतयोष्यते । उर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥ અર્થ : આ મૂળજી શર્મા કે જે મારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મધામ છે તેને આજે દીક્ષા આપતાં મને ખૂબ જ આનંદ થાય છે. તે મૂળ અક્ષર અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત એવું મારું ધામ છે, જેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું. (૪૯,૫૦) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી જૂનાગઢના સદ્ગુરુ બાલમુકુંદ સ્વામીએ સં. ૧૯૭૫(ઈ.સ. ૧૮૧૯)માં આ પુસ્તક છપાવીને પ્રકાશિત કરેલું છે. આ પુસ્તકની શરૂઆતમાં ગુણાતીતાનંદ સ્વામીનું જીવનચરિત્ર લખેલું છે તેમાં અનેકવાર સ્વામીનો 'મૂળ અક્ષરબ્રહ્મ' તરીકે ઉલ્લેખ થયેલ છે. શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ તરફથી આ પાંચ પ્રકરણવાળી 'સ્વામીની વાતો'નું પુસ્તક સં.૨૦૨૨(ઈ.સ.૧૯૬૬)માં પ્રકાશિત થયું અને સં.૨૦૪૯(ઈ.સ.૧૯૯૩)માં પણ

પાંચમી આવૃત્તિ રૂપે પુનર્મુદ્રિત થયું છે. તેમાં અંદરના મુખ્ય પૃષ્ઠ પર 'અ.મૂ.સ. શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો' (પાંચ પ્રકરણ) એમ છપાયેલું છે. પુસ્તકની અંદર ગુણાતીતાનંદ સ્વામીની છબી ઉપર 'અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી' એવું છપાયેલું છે. પુસ્તકની શરૂઆતમાં 'અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવનવૃત્તાંત' એ મથાળા નીચે સ્વામીનું જીવનચરિત્ર ટૂંકમાં નોંધેલું છે. પૃષ્ઠ ૩,૬,૮,૧૩ ગુણાતીતાનંદ સ્વામીનો 'મૂળ અક્ષરમૂર્તિ' તરીકે ઉલ્લેખ કરેલો છે. વળી, સ્વામીએ પોતે જ પોતાના અક્ષરપણાનો નિર્દેશ કર્યો હોય તેવી અનેક વાતો પણ આ ગ્રંથમાં છે જેમ કે, ''બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે મહારાજને પુરુષોત્તમ જાણવા અને આ સાધુને અક્ષર જાણવા. ને આ બધાય અક્ષર(અક્ષરમુક્તો) છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહી દેહ ધરીને આવ્યા છે.'' (સ્વા.વા.૩/૩૮) ''આ સાધુ અક્ષર છે. તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો. ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી. ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને આંહી દેખાય છે.'' (સ્વા.વા. ૫/૧૮૪) ''એક ભક્તે પૂછ્યું જે, 'આત્મા કેમ દેખાતો નથી ?' પછી સ્વામી કહે, 'દેખાય તો છે પણ મનાતો નથી. જ્ઞાન થાશે ત્યારે મનાશે. આ છે એ બ્રહ્મ અને ગયા એ પરબ્રહ્મ.' એમ મર્મમાં વાત કરી.'' (સ્વા.વા.૬/૨૧૧) **પુરુષોત્તમ ચરિત્ર :** લોધિકા દરબાર અભેસિંહજીએ કવીશ્વર દલપતરામ પાસે 'પુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથ વ્રજ ભાષામાં કરાવ્યો છે. તેમાં ગુણાતીતાનંદ સ્વામીની સ્તુતિ કરતાં તેઓ કહે છે :

વંદું ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી;
ભગવદ્‌વાર્તા સતત કરહી, ધ્યાન ધર્મનંદન કો ધરહી.
ઉત્તમકુળમાં ધરી અવતાર, શ્રીહરિ કાજ તજ્યો સંસાર;
રખે ધર્મ પુનિ ધર્મ રખાવે, આદિ હી અક્ષર આપ કહાવે. (૨/૧૯-૨૦)

**શ્રીકીર્તન-કૌસ્તુભમાળા :** આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે પોતે લખેલા આ ગ્રંથમાં તેઓ કહે છે :

'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન;
પોતે પાળીને પછી પળાવ્યાં, જનને દઈ ઘણું જ્ઞાન.
આવોજી અવતારી, આનંદકારી પ્રીતમ જીવનપ્રાણ...' (પૃષ્ઠ ૧૩)

**કીર્તનાવલી :** જૂનાગઢના મેધાવી કવિ અને સંસ્કૃત ભાષાના વિદ્વાન જગદીશાનંદ બ્રહ્મચારીએ રચેલાં અનેક કીર્તનોમાં ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરબ્રહ્મ તરીકે ઉલ્લેખ જોવા મળે છે.

અક્ષર મૂળ હંમેશા હરિ જેમાં રહે રે,
તે તો પોતે ધરી મનુષ્ય અવતાર રે;
જૂનાગઢમાં જોગી થઈ પોતે રહ્યા રે,
સ્વામી ગુણાતીતાનંદ ઉદાર રે....... (પદ -૧)

**સત્સંગ-સાહિત્ય રત્નમાળા :** જૂનાગઢના સદ્‌ગુરુ સંતકવિ સ્વામી ભક્તિપ્રિયદાસજી પોતાના આ પુસ્તકના પદ ('શોભા જુઓ જૂનાગઢ મંદિરની રે....') ની જે પંક્તિમાં ગુણાતીતાનંદ સ્વામીનો 'મૂળ અક્ષરમૂર્તિ' તરીકે નિર્દેશ છે, તે પંક્તિ અત્રે રજૂ કરેલી છે.

મૂળ અક્ષરમૂર્તિ જે મનભાવની રે,
જેનું ગુણાતીતાનંદ નામ રે;
તે સ્વામી જૂનાગઢમાં રહી ઘણું રે,
તેણે શોભાવ્યું છે ઘણું ધામ રે..... શોભા.૫

**કાવ્યકુસુમાવલી (શ્રીજેતપુર મૂર્તિપ્રતિષ્ઠોત્સવ - વર્ણન)** આ પુસ્તકમાં સંત કવિ સ્વામી ભક્તિપ્રિયદાસજીએ શાર્દૂલવિક્રીડિત છંદમાં ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મ તરીકે અપરંપાર મહિમાનું અષ્ટક બનાવ્યું છે. તેમાંથી એક છંદુ અહીં લઈએ :

જેનો વિપ્ર સુકુળમાં જનમ છે, હાલાર દેશે સહી,
જેણે ધામ રચાવિયું અતિ બડું, જે જીર્ણદુગે રહી;
જેણે શુદ્ધ ઉપાસના શ્રીજી તણી, ફેલાવી જે વૃંદ છે,
એવા અક્ષરધામ સ્વામિ મૂળ તો, ગુણાતીતાનંદ છે.....૧

આ રીતે સંપ્રદાયના અનેક ગદ્ય-પદ્ય ગ્રંથોમાં ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનો સ્પષ્ટ નિર્દેશ અનેકવાર થયેલો જોવા મળે છે. એટલે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એ કોઈએ ઉપજાવી કાઢેલો તુક્કો નથી, પરંતુ સંપ્રદાયમાં પ્રસિદ્ધ અને પ્રચલિત સત્ય હકીકત છે.

**વિભાગ : ૨ 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવમી આવૃત્તિ જૂન-૨૦૦૮ના આધારે**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ :બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિએ ભગતજી એકાંતિક સત્પુરુષ**

૧. મહુવા મંદિરમાં સભા પ્રસંગે સર્વે હરિભક્તો વતી ફૂલચંદભાઈનો બેચર ભગતને પ્રશ્ન. **તમે આ પ્રાગજી ભગતને કેવા સમજો છો ? અને તેમાં શું દીઠું છે ?** તે અમને કહો. ૨૪૮

૨. નારાયણચરણદાસે આપેલો જવાબ. ગ. પ્ર. ૨૭ માં આપેલા સત્પુરુષના લક્ષણવાળા ભગતજીને અમે જાણીએ છીએ. ૨૪૮

૩. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ગ. પ્ર. ૨૭ ના વચનામૃતમાં શું કહ્યું છે તે સમજાવો. ૨૪૯

૪. ભગતજીની આજ્ઞા નાના સાધુ યજ્ઞપુરુષદાસ એ બધાનું કપટ જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો. ૨૪૯

૫. ગ. પ્ર. ૨૭માં જણાવેલા લક્ષણ : (૧) પ્રત્યક્ષ ભગવાનને સર્વોપરી, કર્તા, સાકાર અને પ્રગટ જાણીને સર્વે પ્રકારે તેમાં જોડાઈ જાય. **પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા.** ૨૪૯

૬. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ અને સમર્થ થકા ઝરણાં કરવાં. તે સર્વે લક્ષણ પ્રાગજી ભગતમાં છે. ૨૪૯-૨૫૦

(૧) ધર્મ :- ભગતજી દેવાંગના જેવી સ્ત્રીઓના કપડાં સીવે છતાં વિકારને પામ્યા નથી. ૨૫૦

(૨) જ્ઞાન :- આખો સત્સંગ કહે છે જ્ઞાનની દૃઢતાથી અપમાન લેશમાત્ર જણાતું નથી. ૨૫૦

(૩) વૈરાગ્ય :- આચાર્ય મહારાજ આજ્ઞા આપતાં તરત જ નીકળી જાય છે. ઘરમાં મહેમાનની પેઠે રહે છે. ૨૫૦

(૪) નિશ્ચય :- શ્રીજીમહારાજમાં ભગતજીને નિશ્ચય છે કે નહિ. સાબિત કરવાનું વિઠ્ઠલભાઈ પર નાખ્યું. ૨૫૧

(૫) વિઠ્ઠલભાઈએ ભગતજીના નિશ્ચયનું કરેલું નિરૂપણ. ૨૫૧

૭. રઘુવીરચરણદાસની શંકા અને સ્વામી યજ્ઞપુરુષદાસે કરેલું સમાધાન. ૨૫૧

૮. વિઠ્ઠલભાઈનો સ્વામીને પ્રશ્ન - ભગતજીને મોટા જાણો છો તો વરતાલ શા માટે જોઓ છો ? સ્વામીનું સમાધાન. ૨૫૧-૨૫૨

૯. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન - ભગતજી સમ ખાય છે તે સાચો કે તે પંડે કહે છે કે જમે આવીને મને માર્યો તેનું કેમ સમજવું. ૨૫૨

૧૦. સ્વામીનો જવાબ : દંભી ને કપટી નથી. ચરિત્રો મોહ પમાડે છે. ૨૫૨

૧૧. વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ભગતજી મોટા અને સમદૃષ્ટિવાળાં હોવા છતાં તમારાં મન સત્સંગમાંથી નોખાં કેમ પડે છે. સ્વામી આપેલાં કારણો. ૨૫૨-૨૫૩

૧૨. વિઠ્ઠલભાઈએ કરેલી પોતાના અનુભવની વાતો : સિદ્ધાનંદ સ્વામીની. ૨૫૩

૧૩. ગઢડાના સાધુને આટલી વાત સાંભળ્યા છતાં અસંતોષ. ૨૫૩

૧૪. સ્વામીનો જવાબ :- ગ. અં. ૨૧. સોનાના દોરા પ્રમાણેનું ભગતજીનું જીવન. વિઠ્ઠલભાઈએ પૂરેલી સાખ. ૨૫૩

૧૫. રઘુવીરચરણદાસની શંકા 'વાંક વગર કોઈનું અપમાન સત્સંગમાં થાય નહિ.' ૨૫૪

૧૬. સ્વામીશ્રીનો જવાબ (૧) ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા (૨) વચના. અં. ૧૧ જાનકીજીની ૨૫૪
સમજણની વાત. (૩) અં. ૧૪ : 'વાંક વિના પણ.....તો સુખ જ વર્તે છે.' ૨૫૪, ૨૫૫

**૨. ઉપાસના-પ્રવર્તનમાં ભગતજી મહારાજે વેઠેલાં કષ્ટો**

૧. પૂર્વભૂમિકા : સ્વામીશ્રીની આજ્ઞા :- તું મારો અનન્ય શિષ્ય છે. તો મારી આજ્ઞા પ્રમાણે સર્વ સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કર. ૮૪
૨. આજ્ઞાપાલન : સ્વામીશ્રીની મૂર્તિ બતાવી અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષની શરૂઆત ૮૫
૩. મારે આપને મેલીને ક્યાંય જવાની ઈચ્છા નથી. પિતાના કારજ પ્રસંગે ઘેર જવાની વાત ટાળતા ભગતજીએ સ્વામીશ્રીને કરેલી વિનંતી ૮૬
૪. આવો બહુ સ્વામીનો અપરંપાર મહિમા કહે છે તે કોઈ વખત માર પડશે : (ત્રિકમદાસ કોઠારી) ૯૮
૫. પવિત્રાનંદ સ્વામીનો ગુસ્સો સહન કરીને પણ સ્વામીના અક્ષરપણાની વાત કરી. ૧૦૩
૬. મારી સામે બોલ્યો છું પણ તને વિમુખ ન કરું તો હું પવિત્રાનંદ નહિ. - 'એને ને મારે આ ભવમાં ભેગા બેસવું નથી.' - પવિત્રાનંદ સ્વામી ૧૦૪
૭. અક્ષરની વાત કરતાં ભગતજીને કમાશેઠે ધોલ મારી. ૧૧૪
૮. બીજા કોઈને તો દુઃખ નહિ આવે. માત્ર આ પ્રાગજીને દુઃખ આવશે. ૧૧૯
૯. પ્રાગજી ભક્તને વિમુખ કર્યા. ૧૨૭
૧૦. અંતર્યામી રીતે લાડવામાં ઝેર હોવાનું જાણતા હોવા છતાં સાધુતાનું લક્ષણ એ છે કે સર્વ અંગીકાર કરવું અને ઝેરના લાડવાનો પ્રસાદ ખાધો. ૧૩૦
૧૧. વિમુખ હોવા છતાં સંપ્રદાયની રીત પ્રમાણે આચાર્ય મહારાજ અને સંતો માટે સીધા-સામાનની તૈયારી કરી રાખી. ૧૩૮
૧૨. મને તમારા સમાગમ વગર ગમતું નથી. વિમુખ કરવામાં મુખ્ય ભાગ ભજવનાર પવિત્રાનંદ સ્વામીને ૧૪૦
૧૩. વિમુખ હોવા છતાં સ્વામી મૂળ અક્ષર છે તેની બીજાઓને ઓળખાણ કરાવતા. ૧૪૬

**૩. ભગતજી મહારાજનો અન્ય પર પડેલો પ્રભાવ**

૧. હનુમાનજી દેરીના મહંત સૂર્યભારથી બાળપ્રાગજી ન આવે ત્યાં સુધી રામકથા શરૂ ન કરતાં. ૬
૨. બાળપણથી જ ગોપાળાનંદ સ્વામી અને યોગાનંદ સ્વામીને પ્રભાવિત કર્યા હતા. ૧૪
૩. મહુવાના અમલદારોમાં ત્યાંના વહીવટદારનો આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓને પ્રશ્ન : તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ? ૧૩૯
૪. વરતાલના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ પર ભગતજીનો પ્રભાવ - ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈને પોતે ત્યાગાશ્રમ સ્વીકાર્યો. ૧૬૩ થી ૧૬૮
૫. ગિરધરભાઈ જ્યારે ભગતજીના રંગે રંગાયા ત્યારે ગોવર્ધનભાઈ પણ ભગતજીનો વિશેષ પ્રભાવ પડ્યો. ૧૬૪,૧૬૮
૬. કોઠારી બેચર ભગત ભગતજીના યોગમાં - માપ લીધા વિના કેડિયું સીવ્યું - દેહનું નહિ ૧૭૦ થી ૧૭૨
૭. અંતરનું કેડિયું સીવતાં આવડે છે. - ભગતજી સાચા એકાંતિક સંત છે તેવી નિષ્ઠા. ૧૭૧
૮. પવિત્રાનંદજીને ભગતજીએ વચ. પં. ૩ વંચાવી શાંતિ પમાડી - જેના દ્વારા અપમાન તેના પર જ ખૂબ પ્રભાવ. ૧૭૫ થી ૧૮૦
૯. નડિયાદમાં અવતાર-અવતારી સંબંધી પ્રશ્નના નિરૂપણ માટે ભૂમાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવ્યા. ૧૮૦
૧૦. વરતાલમાં બેચર ભગતનું માન ખંડન ભગતજીની નિર્માની થવાની આજ્ઞા - તેમના વચને સાધુ મહાપુરુષદાસ. ૧૮૭-૧૯૦
૧૧. ભગતજીને પૂંઠ કેમ દેવાય ? સ્વામી રૂપ બની ગયા છે. - નાગર હરિભક્ત ચકુભાઈ. ૧૮૭
૧૨. વડોદરાના શાસ્ત્રી ડાહ્યાભાઈને ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈને ભાવ થયો. ૧૯૧,૧૯૨
૧૩. યજ્ઞપુરુષદાસજી પર ભગતજીનો પ્રભાવ. ૧૯૨ થી ૧૯૮
૧૪. પેટલાદમાં રાવસાહેબના જમાદારને ભગતજીના દર્શન થતાં જ અંતરમાં શાંતિ - છતી દેહે મારફતી પુરુષ મળ્યાનો આનંદ. ૨૨૭,૨૨૮
૧૫. ભાદરોડમાં મહાદેવના મંદિરમાં દર્શને આવતા ભાવિક બ્રાહ્મણો અને ગામના માણસો ભગતજીની સ્થિતિ જોઈને ખેંચાવા લાગ્યા. ૨૭૩

૧૬. યજ્ઞપુરુષદાસજીની ભગતજી વિષેની વાતો સાંભળીને તલગાજરડા ગામના પટેલને આવેલો ગુણ. ૨૭૫
૧૭. વસોના નારણભાઈ ભાઈસાહેબના કારભારી ભગતજીનાં દર્શન માત્રથી દ્વારકાની યાત્રાનો સંકલ્પ પડતો મૂકી સાક્ષાત્ તીર્થ પ્રગટ સત્પુરુષ મનાઈ ગયું. ૩૦૬
૧૮. શાસ્ત્રી રંગાચાર્યે ભેખ (સાધુઓને) ને કહ્યું તમે શું સમજો ? આ તો પરમ એકાંતિક મહાત્મા છે. સામાન્ય ફકીર નથી. ૩૦૭
૧૯. પીજના જેઠાભાઈ પર પ્રભાવ. ૩૧૭
૨૦. વાંસદાના દીવાન ઝવેરભાઈનો કોઠારી ઉપર પત્ર : અમારે ભગતજીનો સમાગમ કરવાની ઈચ્છા છે તો મોકલશો. ૩૨૮
૨૧. વાંસદાના મહારાજા પ્રતાપસિંહજીએ સ્વામિનારાયણ માળા ફેરવવાનો ભગતજી થકી લીધેલો નિશ્ચય. ૩૫૫
૨૨. અમદાવાદમાં દર્શને આવેલા શ્રાવકને નાડી-પ્રાણ ખેંચીને દસ માળા ફેરવી બતાવી. 'આ તો સાક્ષાત્ કેવળી છે. આવા તો હજુ સુધી કોઈ દીઠા નથી' નો અનુભવ થયો. ૩૮૫
૨૩. ભગતજીની વાતો સાંભળવા બેસી ગયેલા વૈષ્ણવ ભક્તની તમામ વાતોનું નિરાકરણ થયું. નાડી-પ્રાણ ખેંચી તેના હાથમાં હાથ આપ્યો પણ તેને નાડી મળે જ નહિ ત્યારે તેને ગુણ આવ્યો. ૩૮૬
૨૪. ભગતજીનો ઉપદેશ સાંભળી બોલી ઉઠેલા રંગાચાર્ય 'शिष्यस्तेडहं शाधि मां त्वां प्रपन्नम् ।' ૩૯૫

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભગતજી મહારાજે બતાવેલું ઐશ્વર્ય**

૧. ભગતજી બે કાંઠામાં શેત્રુંજી નદી પાર ઉતારે છે. ૫૪૩-૫૪૪
૨. સર્પ તથા હડકાયું કૂતરું કરડ્યું. - મૂંગા બ્રાહ્મણ પાસે વેદ બોલાવ્યા. ૫૪૫-૫૪૬
૩. મહુવાના રણછોડ ભક્તને નિરાવરણ સ્થિતિ કરાવી. ૫૪૭
૪. કાનજી દરજીને હાર આપી મૂર્તિ આપી. - સીતાબાને પુત્રનાં દર્શન કરાવ્યા. ૫૪૯
૫. ભગતજી વીસ જણને એક ક્ષણમાં ઘેલા નદીએ પહોંચાડે છે. ૫૫૦
૬. મરકીનો રોગ મટાડ્યો. - અહીં મરે તે ઠીક નહિ. ૫૫૨
૭. નરસિંહભાઈને હમણાં તેડી ન જશો. - મોતીભાઈને વા મટ્યો. ૫૫૩
૮. ભગતજીના નેત્રમાં મહારાજનાં દર્શન. - ભાઈજીભાઈનો સંકલ્પ પૂરો કર્યો. ૫૫૪
૯. અન્નકૂટના સમૈયે હજારોને દર્શન. ૫૫૪થી૫૫૬

**૨. જૂનાગઢમાં ભગતજી મહારાજે કરેલી સાધના**

પૂર્વભૂમિકા : આદર્શ સાધકનાં લક્ષણો : (૧) ગુરુની અનુવૃત્તિ પાળવી. (૨) તપ કરી દેહનું દમન. (૩) આજ્ઞા અને સેવા.

**૧. અનુવૃત્તિના પાલક :**

૧. બસો પાવડાને ૫૦૦ ટોપલા તૈયાર રાખજે. ૫૦
૨. ગિરનારને બોલાવી લાવ. - ભેખનું તે ભાંગી પડ્યું. ૫૧-૫૨
૩. ભઠ્ઠી ભર્યાની વાત. ૫૩
૪. વરસાદ પડ્યો ત્યારે બે ચાદરો સાંધીને ચોફાળ બનાવ્યો. સ્વામીને બેસાડ્યા. ૫૫
૫. વાળંદનો કસબ - મંદિરમાં દરજીની, વાળંદની બધી ક્રિયા સ્વામીને રાજી રાખવા માટે કરી. ૫૫
૬. સ્વામી લઘુ કરવા ઊઠ્યા - અંધારું - ફાળિયું ફાડીને મશાલે વીંટીને દીવો બનાવ્યો. ૫૭
૭. સ્વામીની બધી ક્રિયા પોતે ઉપાડીને સ્વામીને કથાવાર્તા માટે વિનંતી. ૫૭
૮. મરેલું કૂતરું ઉપાડ્યું. ૫૮
૯. એંઠવાડની કૂંડીમાં અડસઠ તીર્થ. ૬૦
૧૦. આંબાને પાણી પાયું. ૬૬

**૨. સેવા તથા આજ્ઞા :** ગુરુની આજ્ઞામાં ટૂક ટૂક ગમે તેટલી અઘરી આજ્ઞાનું પાલન અઘરી સેવા.

૧. મન, કર્મ, વચને નિર્દોષ બુદ્ધિથી સેવા. ૪૮
૨. મનથી સેવા : દરેકમાં નિર્દોષ બુદ્ધિ બાર મણ ચૂનાના કોથળા ફેંકે છતાં કોઈ ફરિયાદ નહિ. ૪૮

૩. માન અપમાન વેઠી મહિમાએ સહિત નિષ્કામ ભાવે સેવા.
૪. ચંદની સીવવાની સેવા. ૪૫
૫. નિષ્કામ ભાવે સેવા - ગાંગડાની પ્રસાદી મળી છતાં નિર્દોષ બુદ્ધિ. ૭૬

**૩. કર્મથી સેવા :**

૧. નવી હવેલીના કામમાં જોડાઈ ગયા. ૪૬
૨. ચૂનાની ભઠ્ઠી - સ્વામી પર દેહ કુરબાન ૪૮-૪૯

**૪. વચને સેવા :**

૧. ગુરુનો મહિમા, સ્વામી અક્ષર છે તે સૌને જણાવે. ૩૨-૩૩
૨. સેવા કરે, આજ્ઞા પાળે છતાં તપ વગર દેહનું બળ ઘટે નહિ. તેથી બે દિવસ ઉપવાસ, ત્રીજે દિવસે એક વખત જમવું.....આમ, આદર્શ સાધક પ્રાગજી ભક્ત બન્યા, સાધુનો કસબ શીખ્યા. ૬૫
૩. દેહ ઈન્દ્રિયોના ચૂરે ચૂરા કરી ગુરુને વશ કર્યા તેથી બ્રહ્મનો સાક્ષાત્કાર - શ્રીજીમહારાજે સ્વયં દર્શન દીધાં - સિદ્ધ દશાને પામી ગયા.
૪. સં.૧૯૨૦ના ચોમાસા સુધીમાં શ્રીજીને અખંડ ધારી શકે તેવું પાત્ર ઘડાતાં સ્વામીશ્રીની સુખ આપવાની ઈચ્છા. ૭૯
૫. નવ દિવસ અખંડ ધ્યાનમાં - દસમા દિવસે સાધુરૂપે મહારાજના દર્શન (મૂર્તિ વર્ણન) ૭૯
૬. પ્રાગજી ભક્તને મળેલા સુખનું વર્ણન. ૭૯-૮૦
૭. સોનેરી વસ્ત્ર, અલંકાર સહિત દિવ્ય મૂર્તિના દર્શન. ૮૦
૮. મહારાજનું વચન - **'આજથી તારે વશ છું.'** ૮૧
૯. 'જેવું છે તેવું કહીએ તો તને અને મને બંનેને દુઃખ આવે.' - સ્વામીશ્રી. ૮૧
૧૦. સંવત ૧૯૧૭માં આપેલો કોલ સંવત ૧૯૨૦માં પૂરો કર્યો. ૮૧

**૩. અમદાવાદમાં ભગતજી મહારાજે કરેલી જ્ઞાનવાર્તા**

૧. હવે પ્રતીતિ થઈ કે ઉપાસના તો તમે જ દૃઢ કરાવો છો. - અમદાવાદ વિદ્વાન સાધુ કૃષ્ણચરણદાસ શાસ્ત્રી.૩૬૫
૨. સાધુતા ખોશો તો ઉપચિરવસુની પેઠે ફળ મળશે. ૩૬૮
૩. બ્રહ્મચર્યનો પ્રતાપ અને તેની અનિવાર્યતા ૩૭૦
૪. ભગવાનના ભક્તને દુઃખ જ હોય. ૩૭૧ થી ૩૭૩
૫. વાસનાનાં મૂળ ક્યારે બળે ? - ભગવાનની સર્વ ક્રિયા પોતાના આશ્રિતના હિત સારુ જ હોય છે. ૩૭૩
૭. શ્વેતધર્મના નિયમની વાત કરી. ૩૭૬
૮. મહારાજની મૂર્તિરૂપી કમાણી. ૩૭૯
૯. મરજીવો થાય ત્યારે આ માર્ગે ચલાય. ૩૮૧
૧૦. અહીં તો એક દિવસમાં દસ જન્મની કસર ટળે છે. ૩૮૩
૧૧. સ્વામિનારાયણનો આશરો કરવાનો ઉપદેશ. ૩૮૪
૧૨. જ્યાં સુધી વિષયમાં પ્રીતિ છે ત્યાં સુધી અનાશ્રય છે. ૩૮૫
૧૩. શ્રાવકને પ્રતીતિ કરાવી. 'હું પહેલાં શ્રાવક હતો.' ૩૮૫
૧૪. સત્પુરુષ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિનો સમન્વય. ૩૮૫
૧૫. હું તો દરજી છું તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાધું છું. ૩૮૭
૧૬. ભગવદીનો અભાવ આવવા દેવો જ નહિ. ૩૯૨

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

**૧. 'થોરે કેળાં પાક્યાં છે.' (૭૪)**

**પ્રસંગ :** પ્રાગજી ભક્ત મંદિરના ચોકમાં ચૂનો કાલવતા હતા. સ્વામીની મૂર્તિ ધારીને અખંડ ભજન - ગણોદના દરબાર અભેસિંહને - 'દરબાર મને એક આશ્ચર્ય - કેળે તો કેળાં પાકે પણ આ તો થોરે કેળાં - ચોકમાં ચૂનો કાલવતો દરજીનો છોકરો - મોટા યોગીઓને દુર્લભ એવો યોગાભ્યાસ સિદ્ધ - મન ઈન્દ્રિયોને વશ - ત્રણે

અવસ્થામાં અખંડ ભજન - સ્વામી આપના પ્રતાપથી બધું શક્ય - તેની સેવાનું ફળ આપે આપ્યું છે - અત્યાર સુધી પુરુષપ્રયત્ન - હવે રાજીપાનું ફળ અમારી સેવાનું ફળ - સાડાત્રણ વર્ષ સુધી દેહનો અનાદર દુષ્કર સાધનો કર્યાં અનાદિનો ભક્ત - અનુવૃત્તિ રાખી છે - પ્રાકૃત ભક્તથી આ અશક્ય - સ્વામીનો ખૂબ રાજીપો. **મનન :** ભગવાન અને ગુણાતીત સંતની કૃપાથી જ મન ઇન્દ્રિયો વશ - અખંડ ભગવાનનું ભજન - મન ઇન્દ્રિયો જીતવા અશક્ય - ત્રણે અવસ્થામાં ભજન એ ઉચ્ચ જ્ઞાતિનો હોય તે જ કરી શકે તેવું નથી. દરજી જેવી સામાન્ય જ્ઞાતિનો ભક્ત દ્વારા આવું અશક્ય કાર્ય શક્ય.

૨. **'ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ.' (૧૯૭)**

**પ્રસંગ :** રામરતનદાસજી વિજ્ઞાનાનંદ સ્વામીના મંડળમાં સાધુ - સ્વામીએ તેમને દેહ મૂકતી વખતે ચરણારવિંદની જોડ આપી - ચરણારવિંદ ઝાંખા - સારાં ચરણારવિંદ માટે તકરાર - યજ્ઞપુરુષદાસજી પાસે સારાં બે જોડ ચરણારવિંદ પર તેમની નજર - ભગતજી મહારાજ પાસે આવી ચરણારવિંદ બદલાવી આપવા માંગણી - ગુરુને રાજી કરવા યજ્ઞપુરુષદાસજીએ બદલાવવાને બદલે રામરતનદાસજીની માંગણી મુજબ નવી જોડ આપી દીધી - વિહારીલાલજી મહારાજને જાણ - ભગતજીની સ્થિતિનું ભાન ભૂલીને ભગતજીનો ઠપકો - મંડળધારી સંત માટે સાધુને ભેગા રાખવા માટે ચરણારવિંદ આવશ્યક - ભગતજી મહારાજનો દિવ્યભાવમાં જવાબ : ''ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ.'' આચાર્યની સત્તાનો અધિકાર છોડી તેમણે ભગતજીના દિવ્યભાવની કદર કરી. **મનન :** ગુણાતીત સંગે ગુણાતીત થયેલ ભક્તની સામર્થીનું દર્શન - ચરણારવિંદ આપી શકે નહિ પણ સ્વયં ચરણારવિંદના પાડનાર ભગવાન આપવાની સામર્થી જેનામાં હોય તે જ આવા દિવ્યભાવથી વાત કરી શકે.

૩. **'હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજું છું.' (૪૫૨)**

**પ્રસંગ :** ભગતજી મહારાજ માના ભગતને આસને - માના ભગત ભગતજીને વાતો કરવા કહ્યું - ભગતજી માના ભગતની વાતો સાંભળવા આવ્યા હતા. માના ભગત કહે તમારા બાબુલા શિષ્યોમાં બંધાશો નહિ - જેટલા શિષ્યો કર્યા છે તે બધાને ધામમાં લઈ જવા પડશે. ભગતજી ભાવથી કહે હું તો બધા હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજું છું. - તેમને બાબુલા કહેવાય જ કેમ ? બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય. આવા ભગવદી ભેળા અનંત જન્મ સુધી રહેવાની ઇચ્છા - હું તો ભજનના સુખે સુખિયો - ભગવાનમાં આસક્ત છું - મારે અને મહારાજને અણુમાત્ર છેટું નથી - મહારાજના આવા સુખથી જે મારો સંગ કરે છે તેને પણ સુખિયો કરી દઉં છું. **મનન :** પોતાના શિષ્યો માટેની અસ્મિતા - પોતાના શિષ્યોને કોઈ કંઈ કહે તે ચલાવી લેવા તૈયાર નહિ - પોતે જેને બ્રહ્મની મૂર્તિ સમજીને પોતાની સાથે રહી ભગવાનના સુખે સુખિયા કરે એવા શિષ્યો તો પ્રાગજી ભક્ત જ પકવી શકે. એવા શિષ્યોને બાબુલા ન જ કહેવાય.

૪. **ભગતજીને સ્વામીના ત્રણ વર. (૪૪)**

**પ્રસંગ :** ભગતજી દ્વારા સુંદર ચંદની તૈયાર - સ્વામીના પ્રસન્નતા ૬૦,૦૦૦ રૂા મળશે - તે વડે સંત સમાગમ કરજે - સદ્‌ગુરુ સંતોના સમાગમથી જ્ઞાન - સ્ત્રી-ધનમાં સુખ નથી - તે તો બંધનરૂપ છે માટે મને તમે પ્રસન્ન થયા હો તો ત્રણ વર આપો. (૧) તમારું જ્ઞાન આપો (૨) તમારું ઘર દેખાડો (૩) મારા જીવને સત્સંગી કરો. શ્રીજીમહારાજ મારાથી અણુમાત્ર છેટા ન રહે એવો વર આપો - સ્વામીએ કસોટીએ ચઢાવ્યાં - હું અક્ષરધામ આપીશ માટે જ્ઞાનની શું જરૂર છે. આ છેલ્લી સ્થિતિનું જ્ઞાન છે તે મોટા સાધુ બ્રહ્મચારી કે બ્રાહ્મણને અપાય - ભગતજીએ પોતે માગેલ ત્રણ વર આપવાનો જ આગ્રહ રાખ્યો. ઐશ્વર્ય માગે એ સકામ ભક્ત કહેવાય. મારે તો આપના ચરણારવિંદની સેવામાં રહેવું છે. સ્વામી અતિશય રાજી - સ્વામીની શરત મરણિયો થા - ઘર મૂકીને અહીં અહે અને હું કહું તેમ કર - તો સિધ્ધ દશા આવે - આમ સ્વામીએ ત્રણે વાનાં સિદ્ધ કરાવવાનો કોલ. **મનન :** ભગતજી ઉત્તમ કક્ષાના ભક્ત - સ્ત્રી-ધનની લાલચમાં લેવાયા નહિ. સાક્ષાત્‌ અક્ષરબ્રહ્મ દ્વારા અક્ષરધામનો કોલ છતાં પણ પૈસાની લાલચ ન રાખી - જીવનો સત્સંગ માંગ્યો - અક્ષરનું જ્ઞાન માગ્યું અને અક્ષર સંગે રહી અક્ષરના ભાવને પામી ગયા.

૫. **માના ભગત ભગતજીના ગુણ ગાય છે. (૩૦૪)**

**પ્રસંગ :** માના ભગતે ભગતજીને કહ્યું : હવે મને તમારો લગારે અવગુણ નથી. બીજા અવગુણ લેશે તે મરશે, પણ હું તો તમને ખરેખરા એકાંતિક જાણું છું. આટલી ઉપાધિ થઈ અને સાધુઓ કાઢી મૂક્યા અને સાધુ તમારે

ત્યાં આવ્યા, તે તમારી લગારેક મરજી હોય તો બીજો સંપ્રદાય બાંધો એવી તમારી સત્તા છે. વળી, તમારા સાધુ પણ બુદ્ધિમાન, વિદ્વાન અને સર્વ સાધુતાના લક્ષણે યુક્ત છે. મોટા મોટા સદ્‌ગૃહસ્થો તમારા શિષ્યો છે એવી તમારી સામર્થી છે. તો પણ ક્ષમા કરી. જેથી તમો તો ખરેખર બહુ જ મોટા છો. માટે આ બધા તમારા શિષ્યો છે તે મુમુક્ષુ છે, તેમને સુખિયા કરજો. પણ તે બધાને વિષે હેત ના રાખશો; કારણ કે, હેત રાખશો તો સૌને તમારા જેવા કરવા પડશે. ત્યારે જ શ્રીજીમહારાજ અક્ષરધામમાં તેડી જશે. શ્રીજીમહારાજે નૃસિંહાનંદ સ્વામીને કહેલી વૈકુંઠના મુક્તની વાત કરી. વૈકુંઠના મુક્તે પૃથ્વી પર જન્મ ધર્યો, શિષ્યો કર્યા પાછા વૈકુંઠ ગયા તો લક્ષ્મીનારાયણ ભગવાને તેમને પાછા મોકલ્યા. જેટલા શિષ્યો કર્યા છે તેમને એકાંતિક ધર્મ પમાડી લઈ આવો. માટે તમારે પણ બધા શિષ્યોને એકાંતિક ધર્મ પમાડવો પડશે. માટે શિષ્યોમાં હેત ન કરશો. ત્ર્યંબકલાલે પ્રશ્ન કર્યો : ભગવાન વિના બીજામાં હેત થાય તેની શી ગતિ થાય ? માના ભગતે ઉત્તર કરતાં કહ્યું : જેમાં હેત હોય તે જ્યાં લઈ જાય ત્યાં જવું પડે. માટે ભગવાન તથા તેના પરમ એકાંતિક સંત વિના બીજામાં હેત ન કરવું અને જીવ પણ એમના વિના બીજે ન જોડવો. **મનન :** સાચા સત્પુરુષની વાતો સાંભળીએ તો આપણી શંકાઓ તૂટતી જાય અને સત્પુરુષનો ગુણ આવે.

**પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. જાગા સ્વામી (પ્રસંગો)**

| | | |
|---|---|---|
| ૧. | જાગાસ્વામી, પ્રાગજી ભક્ત તેમજ ઝીણાભાઈ - ત્રણેનો ગોપાળાનંદ સ્વામીનો પ્રશ્ન 'અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ? | ૧૬-૧૭ |
| ૨. | ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો. | ૧૯-૨૦ |
| ૩. | જાગા સ્વામીએ સ્વામીના મહિમાની વાત કરી. | ૭૮-૭૯ |
| ૪. | જાગા ભક્તને સ્વામીએ દૃષ્ટિ દ્વારે સુખ આપ્યું, બળિરાજાનું વચનામૃત વંચાવ્યું - આ લોક દુઃખદાયી છે - સ્વામીનો ઉપદેશ - જાગા સ્વામી તરફ મમતાપૂર્ણ શબ્દો. | ૧૩૩-૧૩૬ |
| ૫. | ગુણાતીતાનંદ સ્વામીની મરજી જાણી લાકડાં વહેરવાની વ્યવસ્થા કરાવી - મહિનામાં સ્વામી ૪૦ વખત જાગા સ્વામીને મળ્યા - આજ્ઞાપાલનથી રાજીપો જાગા સ્વામી માટે ભલામણ. | ૧૫૪-૧૫૯ |
| ૬. | ચીજો ખાધી હોય તે સાંભરે - ભગવાન અને મોટાપુરુષનું સુખ અનુભવ્યું હોય તે સુખિયો જ રહે - હેમરાજભાઈની બેચરભગતે જાગા સ્વામીને સોંપણી કરી. | ૧૮૬ |
| ૭. | જેઠાભાઈને તથા ગણપતભાઈને જાગા સ્વામીના સમાગમમાં રાખ્યા. | ૪૨૨-૪૨૩ |
| ૮. | પૂનમની સભામાં ભગતજીના દ્રોહથી જાગા ભગતને વિષાદ. | ૪૨૬-૪૨૬ |
| ૯. | જાગા સ્વામીને આસને સભા-કથાવાર્તા. | ૪૭૮-૪૮૦ |
| ૧૦. | જાગા સ્વામીની કથા - ગુણાતીતાનંદ સ્વામીએ કહેલ ઉપદેશ - કથાવાર્તા - ભજન કરતાં કરતાં.... | ૪૮૦-૪૮૨ |
| ૧૧. | મહારાજનાં ચાર સુખ. | ૪૮૨ |
| ૧૨. | સ્વામીની વાતો પર કથા. | ૪૮૪-૪૮૬ |
| ૧૩. | પુરુષપ્રયત્ન અને ભગવાનની કૃપાની વાત. | ૪૯૬ |
| ૧૪. | વિષયનો સંકલ્પ રહે છે તેનું શું કારણ ? સ્વામીએ કહેલ ચાર વાત કરી. | ૪૮૮-૪૯૦ |
| ૧૫. | સેવાના ત્રણ પ્રકાર. | ૪૯૪-૪૯૬ |
| ૧૬. | ભજનના અલૌકિક સુખની વાત. | ૫૦૦-૫૦૩ |
| ૧૭. | સ્વામીની વાત - સમુદ્રને કાંઠે બાવળિયો. | ૫૦૬ |
| ૧૮. | જાગા ભક્તનો મહિમા - મહિમા હોય તો સુખ આવે. | ૫૧૪-૫૧૬ |

૧૯. સત્પુરુષનો સ્વભાવ - કાળના બળનો વિચાર - પુરુષોત્તમને વરણીય ક્યારે થવાય ? ૫૧૬-૫૧૮

**વ્યક્તિત્વ :** ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞામાં ટૂક ટૂક, ભગતજી મહારાજને સેવ્યા - નિર્માનીતા, સાધુતા-જ્ઞાનગરીબી, ઉપદેશ-કથા, વાર્તાથી સૌનાં મન - ઇન્દ્રિયોને ભગવાન તથા સંતમાં જોડી દીધાં - મૂળ સેવા કરી ગુણાતીત સંતનો અનહદ રાજીપો પ્રાપ્ત કર્યો.

## ૧. વિજ્ઞાનદાસ સ્વામી (પ્રસંગો)

૧. વિજ્ઞાનદાસજીને સંસ્કૃત ભણવાની આજ્ઞા. ૧૮૪-૧૮૫

૨. વિજ્ઞાનદાસજીનો યજ્ઞપુરુષદાસજીએ પક્ષ રાખ્યો. ૧૯૪-૧૯૫

૩. વિજ્ઞાનદાસજીના શુદ્ધ વર્તનથી સૌને ગુણ. ૧૯૯-૨૦૧

૪. દેહનું ભાન ભૂલીને વસ્ત્રોનું પણ ભાન ભૂલીને ગુરુનાં દર્શને - દર્શનની તાલાવેલી. ૨૦૭-૨૦૮

૫. વિજ્ઞાનદાસજી વગેરે ભગતજીની પાછળ ફરતા - દર્શન વિના રહેવાતું નથી. ૨૨૮-૨૩૦

૬. ભગતજીની આજ્ઞાથી વરતાલના સંતોની માફી માગી. ૨૩૬

૭. વિજ્ઞાનદાસજી આદિને વરતાલ બહાર કર્યા. ૨૪૧-૨૪૪

૮. મહુવામાં વિજ્ઞાનદાસજીને રાખીને રાજીપો (ભગતજી મહારાજે) બતાવ્યો. પુરુષોત્તમદાસજી જેવા થવાનો ઉપદેશ. ૨૫૫-૨૫૬

૯. વિજ્ઞાનદાસજી વગેરે સંતોને ભગતજી મહારાજે કેરી પોતે જાતે ઘોળીને જમાડી. ૨૫૭

૧૦. વિજ્ઞાનદાસજીને ભગતજીએ ઠપકો આપ્યો. ૨૬૧

૧૧. વિજ્ઞાનદાસજી આજ્ઞા વગર ઝોળી માગવા ગયા. ભગતજીનો ઠપકો. ૨૭૨-૨૭૪

૧૨. ભાગવતનો મુદ્દાનો શ્લોક શોધી કાઢયો. ૨૭૬

૧૩. રોટલા અને શાકોત્સવ. ૨૭૯-૨૮૩

૧૪. ખાનદેશમાં સત્સંગ પ્રચાર. ૨૯૪-૨૯૬

૧૫. વિજ્ઞાનદાસજી ધૂલિયામાં - વિજ્ઞાનદાસજીની છપૈયા બદલી. ૩૧૩, ૩૧૫

**વ્યક્તિત્વ :** નિર્માનીતાની મૂર્તિ, નૈષ્ઠિકવ્રતધારી ભગતજી મહારાજને ગુરુ કર્યા પછી લેશ પણ આજ્ઞા લોપી નથી. ભગતજી વઢે તો પણ નમ્રતા ધારણ કરી લે શૂરવીર, આજ્ઞાપાલક ગમે તેવી આજ્ઞા - આચાર્ય મહારાજી હોય કે ગુરુની હસતા મુખે ઝીલી લે. ધોળાં પહેરાવવાં છતાં કોઈ ફરિયાદ નહીં.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ? (૩/૩૪)

જ. સત્પુરુષના ગુણ તો આવે, જો એવાને નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે અને તેમની સાથે કોઈ પ્રકારનો અંતરાય ન રાખે.

૨. શ્રીજીમહારાજના ચરણારવિંદ પૃથ્વી પર ક્યારે આવ્યા ? (૩/૪૬)

જ. વૈરાટ બ્રહ્માએ તેમનાં પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી સ્તુતિ કરી ત્યારે શ્રીજીમહારાજના ચરણારવિંદ પૃથ્વી પર આવ્યા.

૩. જન્મોત્રીમાં ગુણાતીતાનંદ સ્વામીની આવરદા કેટલા વરસની લખી હતી ? (૩/૫૩)

જ. જન્મોત્રીમાં ગુણાતીતાનંદ સ્વામીની આવરદા અઠ્ઠાવન વરસથી વધુ નહિ તેમ લખી હતી.

૪. બાવાના મતે શ્રીજીમહારાજે શું ભૂંડું કર્યું ? (૩/૪૭)

જ. બાવાના મતે શ્રીજીમહારાજે બાઈ-ભાઈની સભા નોંખી કરી તે ભૂંડું કર્યું.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. મોરે તો શ્રીજીમહારાજનો રાજીપો શેમાં હતો અને વર્તમાન કાળે શેમાં છે ? (૩/૩૮)**

જ. મોરે તો મહારાજનો અનેર પ્રકારનો રાજીપો હતો અને પ્રથમના પ્રકરણમાં ધ્યાન કરવું, ત્યાગ રાખવો, સત્સંગ કરાવવો, મંદિર કરવાં ને ભણાવવા ઈત્યાદિ અનેક પ્રકારનો રાજીપો હતો અને આ વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે ? તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે.

**૨. ત્રણ દેહને જીતીને ધ્યાન કેવી રીતે કરવું ? (૩/૪૩)**

જ. ત્રણ દેહને જીતીનું ધ્યાન કરવું  એટલે ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું, ને ઘાટ-સંકલ્પ બંધ કરીને જે ધ્યાન કરવું એટલે સૂક્ષ્મ દેહ જીતાણું જાણવું, ને નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું.

**૩. મન, કર્મ અને વચને સત્પુરુષનો સંગ કેમ કરવો ? (૩/૬૦)**

જ. કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ વચને કર્યો છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.**
**(આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. ગુજરાતના ઘોડા અને અલૈયાખાચરના ઘોડાનું દૃષ્ટાંત (૩/૫૦)**

**દૃષ્ટાંત:** જેમ ગુજરાતનાં ઘોડાં છે તે લાંબા બહુ ને કાઠાળાં બહુ, પણ જ્યારે ધોરિયો દેખે ત્યારે અટકે છે, તે કાપી નાખે તોય ડગ દે નહિ ને સામું ખાસડું ઉગામ્યું હોય તો ક્યાંઈ ને ક્યાંઈ ભાગી જાય. ને અલૈયાખાચરના ઘોડાંને ચડાઉ કરવાં હોય તેને બસેં છોકરા ગોટા વાળીને ઊભા હોય તેમાં વચોવચ નાખીને ચડાઉ કર્યાં હોય તે ક્યાંય અટકે નહિ. **સિદ્ધાંત:** જીવ બીજે ક્યાંય અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે.

**૨. બકરીના કોટે હીરાનું દૃષ્ટાંત (૩/૬૧)**

**દૃષ્ટાંત :** એક રબારી ચાલ્યો જતો હતો ત્યાં હીરો હાથ આવ્યો, તે બકરીની કોટે બાંધ્યો, પછી તે બકરીને વાણિયે લઈને તે હીરો બસેં રૂપિયામાં દીધો, તે બસેંવાળે હજારમાં દીધો, હજારવાળે દસ હજારમાં દીધો, એમ ને એમ ચડતાં લાખ રૂપિયામાં દીધો. પછી તે લાખવાળે કોઈક શાહુકાર હતો તેની પાસે જઈને કહ્યું જે, ‘આ હીરો તમારે રાખવો છે ?’ ત્યારે શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, ‘સો મોટલિયા કરો ને દી ઊગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું.’ ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, શાહુકારે ખજાનો લૂંટાવી દીધો ! પછી તે શાહુકારના બાપે આવીને પૂછ્યું જે, શું જણસ લીધી ? ત્યારે કહ્યું જે, ‘આ હીરો લીધો છે.’ ત્યારે તેણે જોઈને કહ્યું જે, ‘મફત પડાવી લીધો, એક દિવસની કમાણી પણ દીધી નહિ !’ **સિદ્ધાંત:** જેમ જેમ ભગવાનના મહિમાનું જ્ઞાન થતું જાય તેમ તેમ વધુ ને વધુ મહિમા જણાતો જાય છે.

**૩. પાણીનો તરિયો અને ભમરીનું દૃષ્ટાંત (૩/૫૧)**

**દૃષ્ટાંત :** ગમે તેવો પાણીનો તરિયો હોય તેને પણ ભમરી બુડાડી દે, તે નીસરાય નહિ; ને વળી બીજું દૃષ્ટાંત જે, તીરે કરીને લવિંગ વીંધે તેવો આટુંકદાર હોય ને તે તીરને પણ વાયુ ફગાવી દે છે, તેમ ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે, તે નીસરાય નહિ. **સિદ્ધાંત :** ગમે તેવો અંતદૃષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે તે ડગાવી દે છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણનો અને ૧ ગુણ સમજૂતિનો આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **લાલો પાળો ભૂતયોનિને પામ્યો (૩/૩૬)**

**પ્રમાણ :** જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું. તે પક્ષે કરીને તો ગોપાળાનંદ સ્વામીને માથે પાણા નાખ્યા ને ઝોળીમાં દેવતા નાખ્યા, તે દેવતાના કાઢનાર આંહી બેઠા છે.' એમ કહીને વળી બોલ્યા જે, ''એવો સંસ્કાર તો અમારે માથે ઘણો થયો છે ! તે મુખ થકી કહેવાય નહિ; ને એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના અવગુણ લીધા છે તેણે કરીને તો ભૂતની યોનિને પામ્યા છે અને વળી કોઈ હશે તે પણ પામશે ને તે પાપે કરીને ખાવી ને વિષ્ટા ને પીવી લઘુશંકા એવા દુઃખને ભોગવે છે પણ સુખ તો ક્યાંઈ થાય નહિ.'' **સમજૂતિ :** લાલા પાળાને મહારાજે અક્ષરધામમાં લઈ જવાનું વચન આપ્યું હતું. પણ શ્રીજીમહારાજના કૃપાપાત્ર સંત ગોપાળાનંદ સ્વામીનો તેને અભાવ- અવગુણ આવ્યો. તે ભક્તના દ્રોહથી ગવાનને વસમું લાગે છે. તેણે કરીને મહારાજે પોતાના ભક્તનો પક્ષ રાખવા પોતાનું વચન ફોક કર્યું અને તે ભૂત યોનીને પામી દુઃખી થયો. માટે કોઈ દિવસ કોઈપણ ભક્તનો અભાવ-અવગુણ ન લેવો.

૨. **ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં આઠ પુરાણી રાખી ૨૪ કલાક કથાવાર્તાનો અખાડો જમાવેલો. (૩/૫૬)**

**પ્રમાણ :** એક દિવસ મહારાજે મુને પૂર્વાશ્રમમાં હતો ત્યાં આવીને કહ્યું, જે 'શું કરો છો ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !'' એમ કહીને દેખાણા નહિ. તે દિવસથી જીવનું કલ્યાણ થાય તેમ જ કરીએ છીએ અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પુછાવ્યા, તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે, તે કહો ? પછી મહારાજે કહ્યું જે, 'વાતું જ અધિક છે.' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પતો નથી; જે જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. **સમજૂતિ :** ભક્તિના બધા જ પ્રકાર ફક્ત પોતાનું જ કલ્યાણ કરનારા છે. જ્યારે વાતો કરવાથી તે આપણામાં દૃઢ થાય તેથી આપણું કલ્યાણ થાય અને જે સાંભળે તેનું પણ કલ્યાણ થાય.

૩. **યોગીજી મહારાજ કહેતા - 'સંપ, સુહૃદભાવ ને એકતા રાખ્યા વિના છૂટકો નથી.' (૩/૫૮)**

**પ્રમાણ :** 'આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારે અંતરશત્રુનો વધારો હશે તોપણ પરાભવ નહિ કરી શકે ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.' **સમજૂતિ :** કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ કાર્યની સફળતા માટે સંપ એ સૌથી જરૂરી છે. જો બધા જ છૂટા પડી પોતપોતાની રીતે કાર્ય કરે તો તે કાર્યને ક્યારેય સફળતા મળતી નથી. દરેકના પ્રત્યે સુહૃદભાવ પણ એટલો જ જરૂરી છે.

૪. **પ્રમુખસ્વામી મહારાજ કહે છે - 'અમે દેશ-પરદેશમાં ફરીએ છીએ પણ મન તો ભગવાનના ચરણારવિંદમાં રહે છે.' (૩/૬૫)**

**પ્રમાણ :** જે, તમે તમારો દેહ વિસારો છો ? ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' પછી સ્વામી બોલ્યા જે, 'જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ.

**સમજૂતિ :** આપણે ગમે ત્યાં હરીએ ફરીએ પણ આપણા દેહને ભૂલતા નથી. તેવી રીતે સત્પુરુષ ભગવાનને ભૂલતા નથી. માછલી જળમાં રહીને બધી ક્રિયાઓ કરે છે તેમ સત્પુરુષ સંસારમાં રહી સંસારથી અલિપ્ત થઈ ભગવાનની મૂર્તિમાં જ ચિત્ત રાખી સર્વે ક્રિયા કરે છે.

❑ ❑ ❑